Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૭ મું ] [ અંક ૬ ઠ્ઠો

ચૈત્ર

ઇ. સ. ૧૯૫૧ ૫ મી એપ્રીલ

વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૭

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

અહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

પુસ્તક ૬૭ મું } ચૈત્ર { વીર સં. ૨૪૭૭
અંક ૬ ઠ્ઠો. } { વિ. સં. ૨૦૦૩


## अनुक्रमणिका


૧ શ્રી મહાવીર પ્રભુ ગુણ-સંકીર્તન ... (વિજયચંદ મોહનલાલ શાહ) ૧૦૫
૨ શ્રી મહાવીરસ્વામીનું હાલરિયું (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૦૬
૩ वीरप्रभु की वीरवृत्ति ... ... ... (રાજમલ ભંડારી) ૧૦૯
૪ સાધ્વી ... ... ... (શ્રી પન્નાલાલ જ મસાલીયા) ૧૧૦
૫ તાર્કિકજ્ઞાન અને આત્મિકજ્ઞાન (શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી) ૧૧૧
૬ શ્રી મહાવીર જીવન અને સંસ્કૃતિ પાલન (શ્રી મગનલાલ મોતીચંદ શાહ) ૧૧૪
૭ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા (ડૉ ભગવનદાસ મનઃસુખભાઇ મહેતા M.B.B.S.) ૧૧૯
૮ યોગદૃષ્ટિ સમુચ્ચય : અવલોકન... (શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી) ૧૨૩
૯ સ્વર્ગસ્થ શ્રી મોતીચંદભાઇને નિવાપાંજલિ ... ... ... ૧૨૭


### નવા સભાસદ

શ્રી મનઃસુખલાલ તારાચંદ મહેતા મુંબઇ લાઇફ મેમ્બર


## સભાના સભાસદોને ખાસ લાભ

# શ્રી તાત્ત્વિકલેખસંગ્રહ

પચીસ લેખોનો સુંદર સંગ્રહ

લેખક : આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

આચાર્ય મહારાજ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજની વૈરાગ્યવાહિની અને બોધદાયિની કલમથી આજે સમાજમાં કોણ અજાણ છે? "શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકમાં ક્રમે ક્રમે પ્રગટ થયેલા બોધક અને સરલ લેખોનો આ સંગ્રહ સૌ કોઇને પસંદ પડી ગયો છે. સભાસદ બંધુઓને આ ગ્રંથ અડધી કિંમતે એટલે એક રૂપિયામાં આપવામાં આવશે. ક્રાઉન સોળ પેજી અઢીસો પાના, પાકું બાઇંડીંગ છતાં મૂલ્ય માત્ર બે રૂપિયા. પોસ્ટેજ અલગ. તમારી નકલ માટે જલદી જણાવવા વિજ્ઞપ્તિ છે.

લખો : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૭ મું. અંક ૬ ઠ્ઠો | : ચૈત્ર : | વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૭

# શ્રી મહાવીર પ્રભુ ગુણ-સંકીર્તન.

વર્ધમાન જિનરાજ નમન હો વર્ધમાન જિનરાજ,
ભક્તિ સહિત મુજ આજ, નમન હો વર્ધમાન જિનરાજ. ૧
ક્ષત્રિયકુંડમાં ક્ષત્રિયકુલમાં, સિદ્ધારથ નરરાજ; નમન હો૦
કુલ અવતરિયા સ્વર્ગ દશમથી, સાધવા આતમ કાજ. નમન હો૦ ૨
ત્રીસ વરસ ગૃહવાસ વસીને, વરવા વર શિવરાજ; નમન હો૦
યૌવન વય દુષ્કર વ્રત લીધું, ત્યાગી કુટુંબ સમાજ. નમન હો૦ ૩
સંગમાદિકના સહી ઉપસર્ગો, રાગ કે દ્વેષ વિના જ; નમન હો૦
બહુવિધ તપ આદરી ક્ષય કીધાં, ઘાતી કર્મ બધાં જ. નમન હો૦ ૪
પામી કેવળજ્ઞાન ને દર્શન, જાણીને ભાવ બધા જ; નમન હો૦
તે જગદીશ યથાર્થ પ્રરૂપ્યા, તેં જગજનહિત કાજ. નમન હો૦ ૫
એ ઉપકાર અમાપ આપનો, જાણીને જૈન સમાજ; નમન હો૦
ઉજવે છે સાનંદ આપની, જન્મ-જયંતી આજ. નમન હો૦ ૬
કરુણાકર! કરુણા કરી કરશો, દાન રત્નત્રયનાં જ; નમન હો૦
અમ સરિખા સેવકના તેથી, સરશે સઘળાં કાજ. નમન હો૦ ૭
સાદિ અનંત થયા સુખ ભોગી, અરિગણગજ-વનરાજ! નમન હો૦
વિશ્વવિભૂતે! વિજયચંદ્રના, આપ જ છો શિરતાજ. નમન હો૦ ૮

—વિજયચંદ મોહનલાલ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીરસ્વામીનું હાલરિયું.

લેખક—શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"–માલેગામ

ચંદન ગંધ મનોહર કાષ્ટ નિપાયું પારણું, સુંદર રચના વેલ કલામય ઝાલર અંગ;
ચિત્રિત રંગ નયનહર આકર્ષક ચિત્રામણો, એમાં લાડકવાયો વર્ધમાન નૃપ બાલ.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૧

ગૂંથ્યા મૌક્તિક ઝાલર હાર વિવિધ બહુ ભાતના, જોડ્યા રત્ન વિવિધ મનગમતા રંગ સુહાય;
હીરા નીલમ મરકત લાલ કુશલના દાખવે, એવા પારણિયામાં પોઢે વીર કુમાર.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૨

ઝાલે માતા ત્રિશલા પારણિયાની દોરડી, રેશમ રંગી સુંદર ઘુંઘરવાળી સાર;
બોલે મુખથી હાલરિયાના ગીત મનોહરા, નિકળે સંગિત રાગ રસાળ મનોહર ચાલ.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૩

માતા નિરખે ફરી ફરી મુખડું વીર કુમારનું, હરખે નિજ મનમંદિર થાપે બાલક વીર;
દેખી મુખ પંકજ પર લક્ષ્મી તેજ વિલાસને, ત્રિશલા હૃદય પ્રફુલ્લિત થાય અનંત વિચાર.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૪

દેખી ભાલ વિશાલ જે અષ્ટમી ચંદ્રાકારનું, આંખો ચંચલ વેધક સૂચક બુદ્ધિનિધાન;
નાસિક ચંપક કલિસમ સુંદર સરલ સોહામણું, એના હોઠ મનોહર લાલ પ્રવાલનો રંગ.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૫

ગમતા લાલ ગુલાબી ગાલ કુંવરના શોભતા, જે છે મૃદુ આકર્ષક ને નયનાનંદ;
હસતા કુંવર પ્રફુલ્લિત વદન સુકોમલ શોભતું, ખીલ્યું જિમ કમલાકર શોભિત સુંદર અંગ.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૬

જાણે સંતહૃદય નિર્દોષ પ્રસન્ન થયું ભલું, અથવા કોડ જન્મનું પુણ્ય સમુચ્ચય થાય;
દીઠું નિરૂપમ અમૃત ઝરણું મન આલ્હાદનું, એવું રૂપ નિહાળી માતા હરખ ન માય.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૭

મારી કૂખે આવ્યો શું એ ઇંદ્રપુરી ધણી, અથવા પુરુષોત્તમ કે ચક્રી વા જગદીશ;
મારા ભાગ્યતણો પુણ્યોદય આજ ફળ્યો દિસે, માતા વિસ્મય પામી ચૂમે વારંવાર.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કંચન વર્ણ ચમકતો વિલસિત બાલક અંગનો, અંગોપાંગ વિકસ્વર સ્વર્ણ કમલ અવદાત;
દર્શન કરતા નેત્ર ન થાકે વીર કુમારના, એવો અદ્ભુત રૂપ મનોહર સુંદર બાલ.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૯

ઘડી ઘડી વીર અકારણ હાસ્ય સોહામણું, એને શાથી મનમાં આનંદોર્મિ થાય ?
શું એ ચક્રી રાજા વાસુદેવ થાવાતણો, એને હર્ષ ઘણો છે શાસન કરવા લોક.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૧૦

અથવા હાસે દેખી મોહવિવશ જનતાતણે, એની પરવશતા પર હાસે મારો બાલ;
શું એ સાર રહિત સંસારતણે જોઇ હસે, શું એ સૂચક છે વૈરાગ્યતણો સંકેત ?
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૧૧

લીધો ઉંચકી હૈયે ચાંપ્યો વત્સલ ભાવથી, મારો લાડકવાયો ડાહ્યો ગુણિયલ બાલ;
મુજને દુઃખ ન દેશે મુજ મનમાં વિશ્વાસ છે, નિરખી પાછો પારણિયામાં મૂકે બાલ.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૧૨

પગની જોડી ઘડી ઘડી ઉછાળે બહુ જોરથી, શું એ પૃથ્વી ઉપર રાજ્ય ગજાવા કાજ;
અથવા પરિવ્રાજક થઇ ઉપદેશામૃત સિંચવા, ફરશે જનતા જાગૃતિ કરવા દેશવિદેશ.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૧૩

આવે માતા નયને આંસુ સ્નેહ ઘણો ધરે, બાલક મુખ ઓવારે સ્નેહે તે બહુવાર;
ત્રિશલા શંકા ધરતી વીરતણા વૈરાગ્યની, તેથી મમતા જાગી હૃદયતણી વિસરાળ.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૧૪

માથે કોમલ કેશ સુનેરી વિલસે શોભતા, વાયુવેગે કંપે સુંદર કેશકલાપ;
મસ્તક ઉન્નત શોભિત ભાગ્ય સકલ સંકેત છે, ઘડી ઘડી ઝાલે મસ્તક કેશ એ મારો બાલ.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૧૫

શું એ રિપુગણ ચોટી હાથે ઝાલી તાણશે, ખેંચી ચરણોમાં રિપુ મસ્તક મૂકવા કાજ;
જગમાં ડંકા વિજયતણો વગડાવવા, થાવા ચક્રવર્ત્તી નૃપ દિગ્વિજયી સંકેત.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૧૬

અથવા જગતારક થઇ આત્મરિપૂને જીતવા, કરવા લુંચન ખેંચે કેશકલાપ અશેષ;
દીક્ષા લેશે શું એ બાલક મારો લાડકો, મારા કોડ બધા થઇ વિફલ સકલ મનમાંય.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૧૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેં તો ધાર્યા મનમાં વિવિધ મનોરથ બાળના, એને જ્ઞાન ભણાવી પરણાવીશું નાર;
વહુના મુખડા જોશું લ્હાવો સહુ સંસારનો, વસ્ત્રાલંકારોથી શણગારીશું બાલ.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૧૮

મુજને પૌત્રતણા મુખ જોવાના બહુ કોડ છે, મારા વીરતણો સંસાર અખંડિત થાય;
તે શું નિષ્ફળ થાશે સર્વ મનોરથ ભાવના, શું એ મુનિવર થાશે તારક જગનો નાથ?
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૧૯

મંગલ ચૌદ મનોહર સ્વપ્ને સૂચિત બાલ એ, એના જન્મથકી થઇ સઘળી લીલા લ્હેર;
વધિયા ધન ધાન્યે અધિકાર વધ્યા સહુ લોકમાં, એ શું વ્યર્થ થવાનું મંગલ કમલાવાન.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૨૦

મૂઠી વાળે મારો બાલ દિસે વડભાગિયો, શું તે યુદ્ધકલામાં કુશળ થશે રણધીર;
એના પગમાં લક્ષ્મી સહુ જગની આલોટશે, એ તો કરશે મંગલ જગમાં જીતનિશાન.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૨૧

એ શું મુનિજનનો પણ ઇશ થશે જગનો ધણી, થાશે ઈંદ્રતણે પણ વંદ્ય દેવનો દેવ;
જગનો તારક મારગ મુક્તિતણો જગ બોધશે, આતમ જ્યોત પ્રકાશી દર્શક જગનો ભાણ.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૨૨

અંતર શત્રુ સકલને જીતી વિજય મિલાવશે, નમશે સંત અને નૃપવૃંદ કરે સહુ સેવ;
એવો નાથતણો પણ નાથ થશે મુજ લાડકો, મારો ગુણવંતો ને વ્હાલો ગુણિયલ બાલ.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૨૩

નિજ સંસાર તજીને જગના સહુ સંસારને, કરશે મંગલ સહુનું તીર્થ રચી જિનદેવ;
હોજો કોડ પૂરા મુજ કુંવરતણા સહુ ચિત્તના, મારી કૂખ થઇ ધન્ય ધન્ય સકલ જગમાંહે.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૨૪

ગાયું વીરતણું **હાલરિયું** એ બહુ ભાવથી, ગાતાં આતમ અનુભવ આનંદ અંગ ન માય;
પ્રગટે સુખ રોમાંચ વિકસ્વર પુલકિત અંગમાં, **બાલેન્દુ** નમતો વીરચરણ સાક્ષાત્.
હાલો હાલો હાલો હાલો વીર કુમારને. ૨૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# वीरप्रभु की वीरवृत्ति

( तर्ज—राधेश्याम राधेश्याम... )

अढाई हजार वर्ष का प्रसंग है, शान्ति को अपने साथ लिये।
खडे हैं जोगी जंगल में, परम ज्योति का ध्यान किये ॥ १ ॥
भरवाड़ कोई आता है वहां, साथ में अपने बैल लिये।
कहता है वचन जोगी से ऐसे, जाता हूं घर कुछ कार्य लिये ॥ २ ॥
रखना ध्यान इन्हीं बैलों का, जो खड़े आप के पास कीये।
जाने न पावे बैल कहीं, इसका रखना ध्यान हीये ॥ ३ ॥
इतना कह वह चला गया, चरते हुवे बैल भी कहीं गये।
मस्त ध्यान में है योगी, विश्व प्रपंच को दूर कीये ॥ ४ ॥
वापिस घर से भरवाड़ चला, जहां योगी रहे थे ध्यान कीये।
वहां नहीं देखकर बैलों को, योगी से उसने प्रश्न कीये ॥ ५ ॥
शीघ्र बताओ ओ योगी !, जो बैल खड़े थे कहां गये ?
देते हो उत्तर नहीं मुझ को, क्यों बात मेरी सुन मौन हुवे ? ॥ ६ ॥
मालुम होता है मौन की कारण, तुम्हीने कुछ प्रपंच किये।
अभी बताये देता हूं, जो नहीं सुनते हो मुझ प्रश्न कीये ॥ ७ ॥
चला कुल्हाड़ी लेकर के, जहां शर्करा वृक्ष थे रहे हुवे।
चढ़ा वृक्ष पर डाली काटी, संग डाली को लिये हुवे ॥ ८ ॥
फिर बोला आकर योगीसे, अब भी बतलाओ कहां गये ?
नहीं सुनोगे मेरी बात तो, पछताओगे कार्य कीये ॥ ९ ॥
महायोगी व महातपस्वी, आत्म ध्यान में मस्त हुवे।
अवलोकन करते पूर्व समय का, जब त्रिपृष्ठ वासुदेव हुवे ॥ १० ॥
राजा हो आज्ञा दी थी निद्रा मुझे, आजाये तो देना गायन बन्द कीये।
शय्यापाल मस्त हुवा गायन में, नहीं गायन उसने बन्द कीये ॥ ११ ॥
जब निंद खुली राजा देखते हैं, गायन वह चालु हो रहे।
बडे क्रोध में हो राजा ने, उससे ऐसे बैन कहे ॥ १२ ॥
अरे दुष्ट ! नहीं मानी आज्ञा, तो इसका फल भी तु चखले।
गर्म गर्म शीशा मंगवाकर, तुरत कर्ण इसके भरदे ॥ १३ ॥
कर्ण में शीशा गर्म उसके भरा, फिर शय्यापाल वह मरके।
भरवाड बना है वही आत्मा, योगी से कहता आकर के ॥ १४ ॥
पूर्व समय का यही दृष्य, योगी तो अवलोक रहे।
भरवाड बनाकर [1]मेखों को, योगी के कर्ण में लगा रहे ॥ १५ ॥

[1] काष्ट की कीलें।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



योगी हंसते हैं कर्ज चुका, भरवाड कर्म को बांध रहे।
पूर्व समय का लेना देना, ऐसे बराबर होय रहे ॥ १६ ॥
दीर्घ तपस्वी त्रिकालज्ञानी, समदर्शी परमार्थ मार्ग यह बता रहे।
संस्कार पूर्व जन्म का सब जीवों को, यही ज्ञान से जता रहे ॥ १७ ॥
सुख दुःख कर्माधीन विश्व में, निमित्त मात्र ही और रहे।
प्रेम वैर जगता है लखकर, येही अनुभव बता रहे ॥ १८ ॥
अशाता का उदय हुवे जब, नहीं शौकातुर हो कभी रहे।
उदय हुवे जब शातावेदनीय, नहीं हर्ष में ही समदर्शी रहे ॥ १९ ॥
प्रभू वीर जीवन अवलोकन कर, समपरिणामी सदा रहे।
शासन पाकर वीर प्रभु का, वीर धीर गंभीर रहे ॥ २० ॥
वीर अहिंसा की धारा से, पावन सदा होते ही रहे।
निर्भय होकर राज जीवन में, वीर-वृत्ति अपनाते रहे ॥ २१ ॥

वीरानुयायी-राजमल भण्डारी-आगर.

---

# સાધ્વી

( દેશી : મેંદી રંગ લાગ્યો. )

**ચાલ્યાં એકલ સાધ્વી**

એને આંખે આંસુ ધાર રે, એને હૈયે ઝાઝો ભાર રે;
સૂનાં છે દેહ દ્વાર રે, દીકરો એણે ખોયો રે.

**નાખે નિસાસા સાધ્વી**

ચાલે વનની વાટ રે, વાગે પગમાં કાંટ રે;
ઉલટ્યા વાયુ આભ રે, અરણીલો કેણે જોયો રે?

**પગ અડવાણાં સાધ્વી**

ચાલ્યા ડુંગરની ધાર રે, ખભે ઝોળીનો ભાર રે;
માથે કિરણોની માળ રે, દીકરો એણે ખોયો રે.

**ભૂખ્યાં તરસ્યાં સાધ્વી**

વળોટ્યાં નદીઓ તાર રે, દુઃખડાં અનરાધાર રે;
ભીંજે પાંપણ ધાર રે, અરણીલો કેણે જોયો રે?

**પરમ યોગિની સાધ્વી**

જો, જો, પુત્ર પુકાર રે, કરી ન એસે કામ રે;
ક્યાં છે અલ્પ વિરામ રે, દીકરો એણે ખોયો રે.

**પૂન્ય પનોતાં સાધ્વી**

ઇમ શોધે પુત્ર ઓવાર રે, એણે જોયા ઊંચા માળ રે;
પ્રેમ સાગરની પાળ રે, અરણીલો એણે ખોયો રે.

**ઝબકી લાગ્યાં સાધ્વી**

એણે સુણ્યો પુત્રનો સાદ રે, સાથે નારી જાત રે;
માથે માઝમ રાત રે, અરણીલો એણે જોયો રે.

**બોલી ઊઠયાં સાધ્વી**

મારે હૈયે લાગી કટાર રે, તેં છાંડયો સંયમભાર રે;
કરતાં રસ વિહાર રે, દીકરો મારો ખોયો રે.

**સાંભળ મારા સાધ્વી**

પાળું મહાવ્રત સાર રે, વળતાં અનશન ધાર રે;
સ્નેહે મંગલકાર રે, અરણીલો એમ બોલ્યો રે.

**ધન ધન એવાં સાધ્વી**

એ તો પામે પુત્ર ઉદ્ધાર રે, અરણીલો ઉજમાળ રે;
કુળ ઉજાળણહાર રે, દીકરો કેવળ પામ્યો રે.

—શ્રી પન્નાલાલ જ. મસાલીઆ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તાર્કિક જ્ઞાન અને આત્મિક જ્ઞાનને આર્યદર્શન અને પાશ્ચિમાત્ય દર્શન(Philosophy)માં સ્થાન

( લેખક—શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી. )

આર્ય દર્શનો–સાંખ્ય, ન્યાય, વેદાંત, મિમાંસા, બૌદ્ધ અને જૈન આદિમાં પરમતત્ત્વ ultimate realityની વિચારણા ફક્ત બુદ્ધિને સંતોષવા, ફક્ત ન્યાય અને તર્કને આધીન રહીને કરવામાં આવતી નથી. પાશ્ચિમાત્ય તત્ત્વજ્ઞાનની વિચારણામાં મુખ્યત્વે બુદ્ધિને પ્રધાનતા આપવામાં આવે છે. બંનેની વિચારણામાં અંતિમ ધ્યેય ભિન્ન ભિન્ન છે, અને બંનેમાં સત્ય શોધવાના સાધનોમાં ભેદ છે. આર્યતત્ત્વજ્ઞાન એવા પ્રકારનું પરમતત્ત્વ શોધવા મથે છે કે જે તત્ત્વની પ્રાપ્તિ થતાં સંસારના સઘળા દુઃખોનો નાશ થાય છે અને અવિચળ સનાતન સુખની પ્રાપ્તિ થાય છે. આ ધ્યેયને આર્યદર્શનો મોક્ષ કહે છે. મોક્ષ એટલે સંસારના દુઃખોમાંથી જીવની મુક્તિ. મોક્ષ એટલે આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ. આત્મા અનાદિ કાળથી પુદ્‌ગળ–કર્મ સાથે જોડાયેલો છે, જે જોડાણથી આત્માનું જ્ઞાન બાધિત થાય છે, આત્માની શક્તિ મંદ થાય છે, તે અનાદિકાળથી જોડાયેલા કર્મથી આત્માની મુક્તિ તે મોક્ષ છે. અને મોક્ષ માણસનો પુરુષાર્થ છે.

પાશ્ચિમાત્ય તત્ત્વજ્ઞાનીઓનું તત્ત્વજ્ઞાનની વિચારણામાં મોક્ષપ્રાપ્તિ ધ્યેય નથી. તેઓ આત્મા કે પરલોક કે કર્મને માનવા ના પાડે છે. તેઓનો ઉદ્દેશ તો સત્યની ખાતર સત્ય શોધવાનો છે. પછી તે સત્ય કયાં લઇ જાય છે તેનો વિચાર કરવામાં આવતો નથી. આર્યદર્શનો તો જે સત્ય મોક્ષમાર્ગ તરફ લઇ ન જાય તેને સત્ય જ્ઞાન કહેતા નથી, જૈન પરિભાષામાં આવું જ્ઞાન સમ્યગ્‌જ્ઞાન નથી, પણ મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન છે. વ્યવહાર દૃષ્ટિએ પ્રમાણ જ્ઞાન હોય તો પણ આધ્યાત્મિકદૃષ્ટિએ તો મિથ્યાજ્ઞાન–નકામું જ્ઞાન ( useless ) છે.

બંને વિચારણામાં અંતિમ ધ્યેયમાં જેમ ભિન્નતા છે, તેમ બંને વિચારણામાં અંતિમ તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવાના સાધનોમાં પણ ભિન્નતા છે. પાશ્ચિમાત્ય તત્ત્વજ્ઞાન ઇંદ્રિયો અને વિચારશક્તિને ( sense & reason ) સત્ય શોધવામાં પ્રધાનતા આપે છે. જે વસ્તુ ઇંદ્રિય કે બુદ્ધિગ્રાહ્ય ન હોય તેનું અસ્તિત્વ માનવા ના કહે છે. તેઓ:પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણને જ કબૂલ રાખે છે. જીવની સ્વયં પ્રકાશ કરવાની શક્તિ ( intuition ), પ્રાતિભજ્ઞાનને પરમતત્ત્વના જ્ઞાનનું સાધન માનતા નથી. યૂરોપના દેશો ઉપર મધ્યયુગમાં ક્રિશ્ચિયન ધર્મે જે સ્વતંત્ર આક્રમણ કરેલ તેમાંથી મુક્ત થવા ધર્મને પાશ્ચિમાત્ય વિદ્વાનો તિલાંજલિ આપે છે અને ફકત બુદ્ધિવાદને પોષે છે, અને આધુનિક વિજ્ઞાન બુદ્ધિવાદને પુષ્ટિ આપે છે–આ પ્રકારની વિચારસરણીમાંથી શુષ્ક તર્કવાદ ઊભો થાય છે. ભારતના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શનોમાં પણ પાછલા તાર્કિક સમયમાં આવો જ તર્કવાદ ઊભો થયેલો જોવામાં આવે છે. જેમાં દલીલો અને દાખલાઓને સ્થાન અપાય છે. એક બીજા દર્શનોનું તર્કથી ખંડનમંડન થાય છે, સર્જન કરવાની અને વિકાસ સાધવાની આત્મિક શક્તિનો હ્રાસ થાય છે.

આર્યદર્શનોમાં-ભારતદેશમાં તત્ત્વજ્ઞાનના વિષયમાં સમગ્રરીતે વિચાર કરવામાં આવે છે, ફક્ત તર્કવાદને મહત્ત્વ આપી આત્માની જ્ઞાન આપવાની અંતર્ગત શક્તિની ઉપેક્ષા કરવામાં આવતી નથી. પરમતત્ત્વ પ્રત્યક્ષ કે અનુમાન માત્રથી સંપૂર્ણરીતે ગ્રાહ્ય થતું નથી. પરમતત્ત્વની સીમા આપણા ઇંદ્રિય અને બુદ્ધિના વ્યવહારિક જગત્ પૂરતી નથી, ઇંદ્રિય અને બુદ્ધિનો વિષય ન બની શકે તેવું પારમાર્થિક જગત્ છે, જે બુદ્ધિગમ્ય નથી, પણ અંતરાત્માની સહજ આત્મિક શક્તિ ગમ્ય છે. આવી આત્મિક શક્તિનો વિકાસ જ્ઞાનધ્યાનથી થઇ શકે છે. તે પ્રક્રિયાને શાસ્ત્રમાં યોગ કહે છે. મુમુક્ષો આ શકિત યોગદ્વારા પ્રાપ્ત કરે છે. ધીમેધીમે અજ્ઞાનના પડલ-જ્ઞાનાવરણીય કર્મો મંદ થતા જાય છે, અને તે કર્મોનો સંપૂર્ણ ક્ષય થતાં આત્માની અનંત જ્ઞાનશકિત-કેવળજ્ઞાનશકિતનો આવિર્ભાવ થાય છે. કેવળજ્ઞાનમાં વસ્તુ( Reality ) વસ્તુના સાચા સ્વરૂપમાં પ્રકાશિત થાય છે. આવા કેવળજ્ઞાન પામેલા મહાત્માઓ-તીર્થંકરો પોતાના અનુભવમાં આવેલ વસ્તુના સ્વરૂપને બતાવે છે, તેમના શિષ્યો-ગણધરો શબ્દોમાં તે જ્ઞાનને ગૂંથે છે, આગમો રચાય છે અને ભવિષ્યના મુમુક્ષો માટે આગમો માર્ગદર્શક બને છે.

એક એવો આક્ષેપ કરવામાં આવે છે કે-આગમોમાં બતાવેલ કેટલાક વિષયો જેવા કે પરલોક, કર્મ, આત્મા, પૂણ્યપાપ વિગેરે પ્રત્યક્ષ થતા નથી. વિજ્ઞાનના વિષયોની જેમ પ્રયોગદ્વારા કે બીજા સાધનોદ્વારા તેનું અસ્તિત્વ સાબિત થતું નથી, જૂદા જૂદા ધર્મના શાસ્ત્રોમાં આવા વિષયો પરત્વે મતમતાંતર છે, માટે તે વિષયોનું જ્ઞાન ચોક્કસ નથી, નિર્ણયાત્મક નથી, સંશયાત્મક છે, માટે તે જ્ઞાન પ્રમાણજ્ઞાન નથી. આ આક્ષેપ શાસ્ત્રની દૃષ્ટિએ વિચારતાં વ્યાજબી નથી. યોગ અને ધ્યાનદ્વારા જે મુમુક્ષુઓએ આધ્યાત્મિકજ્ઞાન પ્રાપ્ત કરવા સાધના કરેલ છે, તેઓ એક અવાજે આવા અલૌકિક જ્ઞાનનું અસ્તિત્વ બતાવે છે. આવા જ્ઞાનનો પોતાનો અનુભવ બતાવે છે. એટલે આવું જ્ઞાન તેઓને બુદ્ધિગમ્ય ઉપરાંત અનુભવગમ્ય છે. જ્ઞાની પુરુષોના વચનો ઉપર શ્રદ્ધા રાખી સત્યજ્ઞાન પ્રાપ્ત કરવાનો જે માર્ગ તેઓએ બતાવ્યો છે, તે માર્ગ ઉપર ચાલતાં મુમુક્ષુઓ વસ્તુનું સત્ય જ્ઞાન પ્રાપ્ત કરે છે, એટલે વસ્તુનું સાચું જ્ઞાન-તત્ત્વજ્ઞાન ફક્ત શ્રદ્ધા ઉપર નિર્ભર છે અને જ્ઞાનગમ્ય નથી એ દલીલ વ્યાજબી નથી. તેવું જ્ઞાન પ્રાપ્ત કરવાનો તેવો પુરુષાર્થ કરવાની જરૂર છે. ટૂંકામાં આર્યદર્શનો પ્રત્યક્ષ અને અનુમાન ઉપરાંત આત્મ-અનુભવજ્ઞાનને જ્ઞાનના સાધન તરીકે મુખ્ય માને છે. અમારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ માસિકના સં. ૨૦૦૫ માં પ્રસિદ્ધ થયેલ જ્ઞાનમીમાંસાના લેખોમાં કેવળજ્ઞાનનું સ્વરૂપ બતાવતાં આ વિષય ચર્ચવામાં આવ્યો છે.

આપણા ભારતના દર્શનોમાં પણ તર્કનો યુગ આવ્યો હતો. માણસોની યોગશક્તિ ઓછી થઈ અથવા તે શક્તિને સ્થાને બુદ્ધિને-તર્કને પ્રધાનતા આપવામાં આવી. ખાસ કરીને પાછલા કાળના બૌદ્ધદર્શનમાં શુષ્ક તર્કને આગળ મૂકવામાં આવ્યું. તે કાળના તત્વજ્ઞાનના પુસ્તકો વાંચતાં જણાય છે કે તેમાં એકે વસ્તુનો નિર્ણય કરવામાં આવતો નથી, વાદો અને પ્રતિવાદો મૂકવામાં આવે છે. બુદ્ધિને સંતોષવા ફક્ત દલીલો કરવામાં આવે છે, એક દલીલને બીજી દલીલથી તોડી પાડવામાં આવે છે. પરિણામ ફક્ત વિતંડાવાદમાં આવે છે, આનું કારણ એક જ છે કે આત્મશક્તિને ભોગે બુદ્ધિને જ આ વાદોમાં સ્થાપન કરવામાં આવી છે. આવા ન્યાય અને તર્કના અભ્યાસથી બુદ્ધિ ચપળ-તીવ્ર બને છે પણ આ જ્ઞાનથી જીવનવ્યવહાર શુદ્ધ બનતો નથી અને કહેવત છે તે પ્રમાણે પોથીમાંના રીંગણા જેવી દશા આ પંડિતોની થાય છે.

ભારતનું તત્ત્વજ્ઞાન ફક્ત બુદ્ધિને કેળવવા માટે નથી, તેનો અભ્યાસ અને ઉદ્દેશ તો જીવનનું જે ધ્યેય-મોક્ષ છે તેનો માર્ગ બતાવવાનો છે, તેમાં આધ્યાત્મિક જ્ઞાનને મુખ્ય સ્થાન છે, ભૌતિક જ્ઞાનની ગૌણતા છે, આધ્યાત્મિક જ્ઞાન મેળવવા માટે દેહ અને મનની શુદ્ધિની જરૂર છે, જે શુદ્ધિ સંયમથી પ્રાપ્ત થઈ શકે છે. સંયમી જ આવા આધ્યાત્મિક જ્ઞાનનો પાત્ર બને છે એટલે આર્ય તત્વજ્ઞાનની વિચારણામાં જેટલું બુદ્ધિને સ્થાન છે, તેટલું જ બલ્કે તેથી વિશેષ સ્થાન સંયમી જીવનને છે, જે સ્થાન પાશ્ચમાત્ય તત્ત્વજ્ઞાનમાં આપવામાં આવતું નથી.

ટૂંકામાં આર્યદર્શનો અને પાશ્ચિમાત્ય તત્ત્વજ્ઞાનની વિચારણામાં ઉદ્દેશનો ભેદ છે, અને જ્ઞાન મેળવવાના સાધનોમાં પણ ભેદ છે. આર્યદર્શન મોક્ષ મેળવવાના સાધન તરીકે તત્ત્વજ્ઞાનની વિચારણા કરે છે, જ્યારે પાશ્ચિમાત્ય તત્ત્વજ્ઞાન ફક્ત બુદ્ધિદ્વારા વસ્તુનું સત્ય સ્વરૂપ જાણવા પ્રયાસ કરે છે. આર્યદર્શનમાં જ્ઞાનનું મુખ્ય સાધન-આત્માની સ્વયં શક્તિનો વિકાસ છે, જ્યારે પાશ્ચિમાત્ય તત્ત્વજ્ઞાન ફક્ત બુદ્ધિને પોષવા પ્રયાસ કરે છે*

---

* આ લેખમાં કેટલાક વિચારો આર્યનપાથ Aryanapath નવેમ્બર ૧૯૫૦ પૃષ્ઠ ૫૧૧ પર પ્રસિદ્ધ થયેલ લેખમાંથી લેવામાં આવ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જીવન અને સંસ્કૃતિ પાલન

લેખકઃ—શ્રીયુત મગનલાલ મોતીચંદ શાહ "સાહિત્યપ્રેમી"–વઢવાણ કેમ્પ.

## જૈન સંસ્કૃતિનો અચળ અને અવિચ્છિન્ન મુદ્રાલેખ.

" અનેકાંત એ અહિંસાનું વ્યાપક રૂપ છે. "

" સાચો અનેકાંતી કોઇપણ દર્શનનો દ્વેષ કરતો નથી. "

" ઉપશમ વૃત્તિ જ મહાવીરની સાચી સંસ્કૃતિ છે. "

" આત્મવિકાસની સર્વોચ્ચ અવસ્થા તે જ ઇશ્વર છે. "

ઉપરના સદ્દભાવનું નીચેના શ્લોકમાં સર્વદેશીય પ્રતિબિંબ પડેલું જોવામાં આવે છે.

**नमो विशुद्धधर्माय, स्वरूपपरिपूर्तये ।**
**नमो विकारविस्तार–गोचरातीतमूर्त्तये ॥**

સંપૂર્ણ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ વિશુદ્ધ ધર્મવાળા, સ્વરૂપની પૂર્ણતાને પામેલા અને વિકારોના સમૂહોને સંપૂર્ણપણે જીતેલા એવા જે કોઇ મહાત્મા હોય તે સદાય નમવા યોગ્ય છે.

ઉપમિતિભવપ્રપંચા કથાકાર મહારાજ ઉપરની વંદનવિધિમાં કેટલી નિર્મળતા બતાવે છે ? અરે ! આમાં કેટલું ઊંચું સંસ્કાર પામેલું હૃદય ને નિખાલસ ભાવ છે ? હું સાચો અને મારું એ જ સાચું એ વિભાવનું અહીં દર્શન જ થતું નથી. માત્ર સનાતન સત્યનું જ આમાં પ્રતિબિંબ પડે છે. ઇશ્વર કોને કહેવા ? અને નમન કોને હોય ? એ ગુણ-નિષ્પન્ન આત્માઓ જ જાણી શકે છે. જેણે ઊંચા સંસ્કારો પ્રાપ્ત કર્યા છે, જેઓ શ્રમણ સંસ્કૃતિના પરમ આરાધક છે, જેમના રાગદ્વેષરૂપ કષાય ભાવો પ્રાયઃ લુપ્ત થઇ ગયા છે, એવા મહાત્માઓના હૃદયમાંથી જ ભેદભાવ રહિત, સર્વમાન્ય, સંસ્કારી અને સ્વરૂપભાવી વાણી અનાયાસે જ નીકળી જાય છે. આ કર્મયોગી અને જ્ઞાનયોગી સંતો જે અપૂર્વ વાણીનું પાન કરી આત્માનંદરૂપી સંસ્કૃતિને મેળવી શકયા છે તે વાણીના અધિષ્ઠાતા, ભવિજીવાત્માની આત્મસંસ્કૃતિના પોષક અને સ્વરૂપવિધાતા શ્રમણ ભગવંત શ્રી મહાવીર દેવ છે.

## શાશ્વતી સંસ્કૃતિ.

આ સંસ્કૃતિ શાશ્વતી ને પરંપરાગત છે, કેમકે આત્માની સાથે જ તેનો સંબંધ છે. આત્મા અનાદિ છે એટલે તેની સંસ્કૃતિ પણ અનાદિ હોવી જોઇએ. જ્ઞાન, દર્શન જે આત્માનો ગુણ છે તેને પ્રગટાવવાનું–પ્રદીપ્ત કરવાનું કામ આ સંસ્કૃતિનું છે, જેથી એને જ્ઞાન દર્શનની માતા કહીએ તો ચાલે. બીજા શબ્દોમાં તેને સ્વભાવ દશા કહીએ તો પણ ખોટું નથી. જ્યાં જ્યાં જિનેશ્વર દેવ બિરાજે છે ત્યાં ત્યાં આ શાશ્વતી સંસ્કૃતિ ખડી–પ્રગટ થાય છે, અનેક જીવાત્માઓ આ સંસ્કૃતિને આરાધે છે, એટલે કે સ્વરૂપ દશાને મેળવે છે.

યુગના પ્રારંભમાં યુગપ્રવર્તક પ્રભુ ઋષભદેવે જગતને આ સંસ્કૃતિનું સ્વરૂપ સમજાવ્યું,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને મુમુક્ષુ જીવોએ તે સ્વરૂપ ધારણ કર્યું. આ સ્વરૂપ કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે "અર્હન્નીતિ"માં આળેખ્યું છે, જે મનન કરવા યોગ્ય છે.

આદિનાથ તથા વીરપ્રભુના વખતની સંસ્કૃતિ પામેલી પ્રગટપણે આરાધક સંખ્યા તેના અધિકારની અપેક્ષાએ ગણીએ તો નીચે પ્રમાણે જણાય છે.

| | પ્રભુ ઋષભદેવ | પ્રભુ મહાવીર |
|---|---|---|
| ગણધર મહારાજા | ૮૪ | ૧૧ |
| કેવળી ભગવંતો | ૨૦૦૦ | ૭૦૦ |
| મનઃપર્યવજ્ઞાની સંતો | ૧૨૭૫૦ | ૪૦૦ |
| અવધિજ્ઞાની મહાત્માઓ | ૯૦૦૦ | ૬૦૦ |
| ચૌદપૂર્વી | ૪૭૫૦ | ૩૦૦ |
| વૈક્રિયલબ્ધિવાળા | ૨૦૬૦૦ | ૫૦૦ |
| સાધુ | ૮૪૦૦૦ | ૧૪૦૦૦ |
| સાધ્વી | ૩૦૦૦૦૦ | ૩૬૦૦૦ |
| શ્રાવક | ૩૫૦૦૦૦ | ૧૫૯૦૦૦ |
| શ્રાવિકા | ૫૫૪૦૦૦ | ૩૧૮૦૦૦ |

ઉપરના કોષ્ટક ઉપરથી જોઈ શકાય છે કે સંસ્કૃતિના આરાધક અને પાલક કાળક્રમે ઘટતા જાય છે, અને આજે તો સાચા આરાધકનો આ આંકડો કેટલો નીચે ઊતરી ગયો હશે, તે જ્ઞાની જ જાણી શકે, પરંતુ કલ્પના થાય છે કે–આર્ય સંસ્કૃતિને આપણે ભૂલી ગયા છીએ, કાળના પ્રભાવે કરી આ સંસ્કૃતિ દિનપ્રતિદિન લોપ થતી જાય છે, અને માનવ જીવન પ્રાયઃ દુઃખમાં ડૂબી રહ્યું છે, ધર્મની શ્રદ્ધા રહી નથી, ધર્મ પર પ્રેમ પ્રગટતો નથી, ધાર્મિક અનુષ્ઠાનો સત્ય રીતે સમજાયાં નથી. સંપ, સત્ય અને સદાચારનું સેવન જે આર્યસંસ્કૃતિનો પાયો છે, તે મૂળમાંથી જ ડોલવા લાગ્યો છે. જે દેશે કે સમાજે જગતના બીજા દેશોને કે સમાજને સંસ્કૃતિ શિખવી સંસ્કૃત બનાવ્યા હતા તે જ દેશ, તે જ પ્રજા આજે સંસ્કૃતિનું સાચું પાલન કરી શકતી નથી. આજનો સમાજ ભૌતિક સુખમાં જ સર્વસ્વ માને છે, અને તે પ્રાપ્ત કરવા માટે સારાસારનો વિવેક રહેતો નથી. આ સ્થિતિ જો સદાય ચાલુ રહેશે તો સમાજ આધ્યાત્મિક રાજમાર્ગથી ગબડી કોઈ વિકટ માર્ગમાં આવી પડશે. આ વિચારણા આજે આપણે જ કરીએ છીએ એમ નથી પરંતુ પ્રાચીન સંસ્કૃતિના અભ્યાસી અને સમાજહિતસ્વી સજ્જનોએ તે બાબતમાં ઘણું ઘણું લખ્યું છે, તેમાંથી એક દૃષ્ટાંત લઈએ. સર રાધાકૃષ્ણન Religion and societyમાં લખે છે કે– "Civilization consists in giving up less valuable for more valuable free do us" સારી સંસ્કૃતિવાળા જીવનની પ્રાપ્તિ માટે વધારે કિંમતી સુખની ઇચ્છાથી નાનાં અને ખોટાં સુખો જે હાલ આપણું આધ્યાત્મિક તત્ત્વ (સંસ્કૃતિ) દબાવી રહ્યાં છે તેને તજવા જોઈએ, અને પ્રાચીન સંસ્કૃતિને તાજી કરવી જોઈએ, કે જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્કૃતિના આધ્યાત્મિક વારસાના આપણે વારસદાર છીએ. માણસો આધિભૌતિક ઉન્નતિ ગમે તેટલી સાધે પરંતુ તેથી સાચા સુખની પ્રાપ્તિ નથી. સાચું સુખ તો સંસ્કારનું રક્ષણ કરવાથી જ પ્રાપ્ત થાય છે, બ્રહ્મપ્રાપ્તિ કે આત્મજ્ઞાનની પ્રાપ્તિ એ જ સાચું સુખ છે, જેમાં બધાં ભૌતિક સુખો સમાઇ જાય છે. ખરી રીતે સાંસારિક સુખની ઉન્નતિ કે પ્રાપ્તિથી આત્મિક સુખની ઉન્નતિ કે પ્રાપ્તિ નથી.

## મહાત્મા બુદ્ધનો સમ્યક્ સંદેશ.

પ્રભુ મહાવીરે સંસ્કૃતિ માટે આપેલો સંદેશો આપણે આગળ વાંચશું પરંતુ મહાત્મા બુદ્ધે આપેલો સંદેશો સંભારી જઇએ કેમકે શ્રામણ્ય સંસ્કૃતિમાં આર્યપ્રજા ઉપર મહાત્મા બુદ્ધનો પણ કાંઇક અનેરો ફાળો છે. પ્રભુ મહાવીર અને મહાત્મા બુદ્ધ લગભગ સમકાલીન હતા, બંને સંસ્કૃતિના પ્રબળ પોષક અને માનવ જીવનના ઉદ્ધારક હતા. બંનેમાં ત્યાગ અને તપની પરાકાષ્ઠા હતી. બંનેએ નિર્દોષ ગૃહસ્થાશ્રમ સેવ્યો હતો. બંને અનાસક્ત યોગી હતા.

મહાત્મા બુદ્ધ પોતાના છેલ્લા સમયમાં એક દિવસે પોતાના શિષ્ય સમુદાય સાથે વીંટળાઇને બેઠા છે, જાણે પોતાને વિદાય લેવાનો સમય નજીક આવી પહોંચ્યાનું પોતાને ભાન થયું હોય તેમ તે શિષ્યોને ધર્મસૂત્રોની છેવટની ભેટ કરી રહ્યા હતા. ઉપદેશકાળ પૂરો થયા પછી એક નાના શિષ્યે ગુરુદેવની પાસે પ્રશ્ન મૂકયો. ગુરુદેવ ! આપે સદ્બોધ આપ્યો, તેમાં સત્ય, દયા, જ્ઞાન અને પ્રેમનું સેવન કરવાનું કર્તવ્ય બતાવી દીધું, પરંતુ અમોને કહો કે આપના શિષ્ય તરીકે અમારે મુમુક્ષુજનોને શો સંદેશો પાઠવવો ? મહાત્મા બુદ્ધે કહ્યું, આત્મજનો ! મારી દૃષ્ટિ આજે ભૂતકાળમાં ભમે છે, મારાં ચક્ષુ સમક્ષ આ ભવ્ય અને ધર્મશીલ આર્યાવર્ત્તની આકૃતિ ખડી થાય છે. એ આર્યાવર્ત્તના સ્થળે સ્થળે ફરી મારો "ધમ્મપદ"નો સંદેશો લઇ જજો અને એક જ પ્રશ્ન પૂછજો કે "સંસ્કૃતિનું પાલન કરો છો કે નહિ ?" "સંસ્કૃતિનુ પાલન કરજો" એ મારો સંદેશો છે. વળી હે યુવાન ભિક્ખુઓ ! હું તમને થોડી પણ અતિ અગત્યની વાત કહેવા માગું છું જે તમારા ચારિત્ર્ય વહનમાં અતિ ઉપયોગી થશે. મનુષ્ય પોતાના દુર્ઘટ અને ભારે શ્રમે પ્રાપ્ત કરેલ ચારિત્રને ફક્ત મોહના થોડા જ કાળમાં ફેંકી દે છે, તેમાંથી તમને બચવા એક સૂત્રરૂપ શિક્ષા કહું છું. "સ્ત્રીઓનું સ્વરૂપ, સ્વર, સ્પર્શ અને સહવાસ તથા એકાંત પુરુષોના હૃદયને કબજે કરે છે." ગુરુદેવનાં આ વચનો સાંભળી શિષ્યો શરમાઇ ગયા અને ગળગળા થઇ પ્રેમપૂર્વક ભેટી પડ્યા.

પ્રભુ મહાવીરે આવી જ રીતે સંસ્કૃતિ પાલન અર્થે પોતાના જીવનના છેલ્લા દિવસોમાં આપેલો સંદેશો શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં મોજૂદ છે. આ દિવ્ય સંદેશો પ્રભુની વાણીનો છેલ્લો પ્રકાશ છે. મુમુક્ષુ જીવો જો શ્રદ્ધાથી આ સંદેશાને સેવે તો જરૂર પોતાના આત્માનું શ્રેય કરી શકે.

સંસ્કૃતિના પાલન અર્થે કૃતનિશ્ચયી બનેલા સંતો, પ્રાણાન્તે પણ સંસ્કૃતિને નહીં તજનારા મુમુક્ષુજીવો( દેશવિરતિ તથા સર્વવિરતિ )ના અનેક ઉદાહરણો જૈન સિદ્ધાંતમાંથી મળી આવે છે. કડવા તુંબડાના શાકનો આહાર કરી પ્રાણનું બલિદાન આપનાર મહાત્મા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મરૂચિ અણગાર, ખેરના અંગારાની પાઘડી બાંધી મોક્ષને ભેટનાર ગજસુકુમાલ મુનિ, અને ઘાણીમાં પીલાનાર ખંધકરુષિ તથા તેના પાંચસો શિષ્યોની સંસ્કૃતિ આજે અમર જ છે.

બૌદ્ધ ભિક્ષુનો પણ એક દાખલો અહીં મૂકવા જેવો લાગે છે. કોઇ રક્તપીતના રોગીએ બૌદ્ધસાધુને પોતાના હાથથી ભાત વહોરાવ્યા. વહોરાવતી વખતે તેની આંગળીમાંથી નીકળતું લોહી ભાતની સાથે સાધુના પાત્રામાં પડે છે. સાધુ તે જુએ છે અને જાણે છે, છતાં તે ભાત પોતે આહારમાં લે છે અને ચારિત્રનું નિર્વહન કરે છે, સંસ્કૃતિ–પાલનની આ હદ જ છે. સંસ્કૃતિનું પોષણ કરનારા આવા અનેક દાખલા મળી શકે છે. આવા સંત-પુરુષોએ જ આર્યાવર્ત્તનો મહિમા વધાર્યો છે ને આર્યધર્મને શોભાવ્યો છે. તે જ આર્યપુત્રો આજે મૂળની સંસ્કૃતિ ગુમાવી બેઠા છે. જૂદા જૂદા ગચ્છ, સંઘાડા ને વાડામાં આનંદ માની રહ્યા છે. એક ધર્મના ત્રણ વિભાગોએ વિભક્ત દશામાં એટલો વધારો કર્યો છે કે ઘર ઘરના ધર્મ મનાઈ રહ્યા છે, અને વીતરાગ દર્શનના મૂળ ભાવો પ્રાયઃ લોપ થઇ જતા હોય તેમ જણાય છે. જો કે ઉત્કૃષ્ટ ધર્મભાવી સંત મહર્ષિઓ અને સજ્જનો પોતાના ક્ષયોપશમ પ્રમાણે વર્ત્તમાન સમયે પણ ધર્મને આરાધી રહ્યા છે અને આ આરાધના તો પાંચમા આરાના છેડા સુધી રહેવાની છે એટલે આ કથન નિસ્તેજ ને વિભક્ત સમાજને તેમજ શ્રમણધર્મમાં પ્રવેશેલી શિથિલતાને જ અંગે છે.

## સંસ્કૃતિ એટલે શું ?

ઉપરના કથનમાં સંસ્કૃતિ ઉપર બહુ ભાર મૂકવામાં આવ્યો છે એટલે જ સ્વાભાવિક રીતે જ એ પ્રશ્ન થાય છે કે સંસ્કૃતિ એ શું હશે? તેનો જવાબ એટલો કે–તે કોઇ બહારની વસ્તુ નથી. આત્મિક સંપત્તિઓમાંની એ એક સંપત્તિ છે, જે સત્સંગથી શોભે છે અને અભ્યાસથી વધારે દઢ થાય છે, એનો સાદો અર્થ સદ્‌વર્ત્તન કહીએ તો ચાલે.

વેદ ભાષ્યવૃત્તિઓમાં સંસ્કૃતિનું સારું વિવેચન થયેલું જોવામાં આવે છે. જૈન માન્યતાથી આ સંસ્કૃતિ ઘણી બાબતમાં જૂદી પડે છે, પરંતુ જૈન સિવાયની બીજી હિંદુ પ્રજા આ આર્યસંસ્કૃતિને કેટલેક અંશે અનુસરે છે, તેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનો સમાવેશ કરવામાં આવે છે, જેને દ્વિજ કહેવામાં આવે છે. "**जन्मनाद् जायते शूद्रः पश्चाद् द्विजः स उच्यते।**" માણસ જન્મે છે ત્યારે શૂદ્ર કહેવાય છે, અને પાછળથી સંસ્કારો પામ્યા પછી તે દ્વિજ એટલે બે વખત જન્મેલો કહેવાય છે. આ સંસ્કારો બ્રાહ્મણગ્રંથોમાં સોળ બતાવવામાં આવ્યા છે, તેની વિધિ કાંઇક જાણવા જેવી તો છે જ, પરંતુ તે લગભગ બાહ્યાચાર હોવાથી તેમજ આત્મિક સંસ્કૃતિને પોષણરૂપ નહીં લાગવાથી માત્ર તેનાં નામ જ અત્રે આપવામાં આવ્યા છે.

સોળ સંસ્કારનાં નામ–ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, બલિ, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાસન, ચૌલ, ઉપનયન, ચાર વ્રત, સમાવર્ત્તન, વિવાહ, આગ્રયણ, અષ્ટકા, ઉત્સર્ગ, ઉપાકર્મ અને પંચ મહાયજ્ઞ–એમ સંખ્યા ૨૫ સુધીની ગણવામાં આવે છે. આ સંસ્કારો ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે, જેમ કે નિત્યકર્મ, નૈમિત્તિક કર્મ અને કામ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ કહેવામાં આવે છે. પૂર્વે આવા સંસ્કારોથી આર્યાવર્ત્ત સંસ્કૃતિ પામેલો હતો, અને તે સંસ્કૃતિએ દુનિયાના બીજા દેશો ઉપર ઊંડી અસર કરી હતી. આજે આ સંસ્કૃતિનું યથાવિધધર્મરૂપે પાલન થતું હોય એમ જોવામાં આવતું નથી.

## વૈદિક સંસ્કારોમાંથી નીકળતો ગ્રાહ્યભાવ.

વૈદિક બધા સંસ્કારો નિરર્થક છે એમ કહેવાનો આશય નથી, તેમાંનો કેટલોક ભાગ સ્વરૂપપોષક છે, તે વિચારીએ.

૧ ઉપનયન એટલે ગુરુ પાસે જઇ યોગ્ય ઉમ્મર સુધી અભ્યાસ કરવો, ગુરુની સેવાભક્તિ કરવી અને ભિક્ષાવૃત્તિમાં સંતોષ માની જિંદગીની પહેલી વીશીના સંસ્કાર પ્રાપ્ત કરવા.

૨ ચાર વ્રતમાં વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવું, સત્ય બોલવું, આવશ્યકકર્મ કરવાં અને બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ કરવી. એ પણ સંસ્કારની જાગૃતિ માટે ઠીક ગણાય.

૩ સમાવર્ત્તનમાં સ્નાતકને યોગ્ય વિશુદ્ધ ગૃહસ્થાશ્રમ ચલાવવાની વિધિ છે. આમાં ગાર્હસ્થ્ય ધર્મનું જેટલું પાલન તેટલો સંસ્કૃતિ વિકાસ છે.

૪ વિવાહ–આમાં આઠ પ્રકારના લગ્નની વિધિ છે. બાલ્યલગ્ન વગેરે કેટલાક રિવાજો ઠીક લાગે છે, પરંતુ જેટલા સદોષ રિવાજો છે તે તો આત્માને બંધનકર્તા જ ગણાય. નિર્મળ ગૃહસ્થાશ્રમથી જ સંસ્કૃતિ વિકાસ પામે છે.

બાકીના ઉપવિત્ સંસ્કાર ( જનોઇ આપવી તે ), શૌચ ( શુદ્ધિ રાખવી તે ), ચૌલ ( શિર મુંડન કરાવવું તે ), સીમંતોન્નયન ( માથાના વાળ ઓળવા તે ), નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન વગેરે સંસ્કારો બાહ્યાચાર છે. ફક્ત ગર્ભાધાનનો વિષય બુદ્ધિપૂર્વક સમજાય તો તે દંપતી સુખી થાય છે.

હવે વિચારવા યોગ્ય પંચ મહાયજ્ઞનો વિષય રહે છે. એ સંસ્કાર નથી પણ નિત્યકર્મ છે. બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ અને નૃયજ્ઞ એવા તેના નામ છે. આ યજ્ઞને અંગે કરાતી ક્રિયા નિર્દોષ હોતી નથી. બહારની ક્રિયાથી બ્રહ્મની પ્રાપ્તિ થવાનો સંભવ ઓછો રહે છે, બ્રહ્મને ખુશી કરવા માટે અગર બ્રહ્મને મેળવવા માટે બ્રહ્મત્વ જ પ્રાપ્ત કરવું પડે. એ બ્રહ્મત્વ બહારની ઉપાધિનો આશ્રય કરતું જ નથી. બ્રહ્મ એ કોઇ આત્માથી પરવસ્તુ નથી, આત્મિક ગુણની સાથે એ સંલગ્ન છે, એટલે આત્મિક ગુણની પરાકાષ્ઠા એ જ બ્રહ્મ, અને એને પ્રાપ્ત કરવા માટે તો ગુણની વૃદ્ધિ આવશ્યક છે. આ ગુણની વૃદ્ધિ તે જ જૈન દૃષ્ટિએ બ્રહ્મયજ્ઞ છે.

દેવયજ્ઞમાં અગ્નિ, વરુણ વગેરે દેવોને ખુશી કરવા માટે તેની પૂજા કરવામાં આવે છે અને જવ, તલ વગેરે વસ્તુઓનો હોમ કરવામાં આવે છે અને એવું માનવામાં આવે છે કે આ દેવો આપણું રક્ષણ કરી રહ્યા છે. આ ક્રિયા પણ જૈન દૃષ્ટિએ સાવદ્ય છે, જેથી આત્મિક લાભ કરી શકતી નથી.

પિતૃયજ્ઞમાં–મૃત્યુ પામેલા પોતાના પૂર્વજોને શ્રદ્ધાથી સંભારી શ્રાદ્ધ આદિ ક્રિયા કરવાનો સમાવેશ થાય છે. આમાં " કરે તે પામે " એ નિયમ સચવાતો નથી. આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા

( લેખક—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S. )

( ગતાંક પૃષ્ઠ ૭૭ થી શરૂ )

આત્મારામી સદ્ગુરુ મુખે જે અધ્યાત્મ ગ્રંથનું અપૂર્વ શુશ્રૂષારસથી શ્રવણ થયું, તે શ્રુતબોધનું પછી મુમુક્ષુ પુરુષ મનન કરે છે, મનથી પુનઃ પુનઃ તત્ત્વચિંતન કરે છે, મીમાંસન કરે છે, તલસ્પર્શી સદ્વિચારણા કરે છે, અહોનિશ ઊહાપોહ **અધ્યાત્મ મનન** કરે છે, નિત્ય નિદિધ્યાસન કરે છે. જેમ કોઇ ખોરાક ખાય તે બરાબર રસપૂર્વક ચાવે તો હોજરીમાં પાચક રસની બરાબર ઉત્પત્તિ થાય ને તેની પાચન ક્રિયા ઉત્તમ થાય, અને પછી તે રસ લોહીમાં એકરસ થઇ સર્વ અંગને માંસલ કરે, પુષ્ટ-ભરાવદાર બનાવે; તેમ સમ્યક્ બોધરૂપ આહાર પણ રસપૂર્વક બરાબર ચાવવામાં આવે, પુનઃ પુનઃ ચર્વણ-મનન કરવામાં આવે, તો ઉત્તમ ભાવરૂપ રસની નિષ્પત્તિ થાય ને શુદ્ધ આત્મપરિણતિરૂપ ઉત્તમ પાચન ક્રિયા થાય, અને પછી તે પરિણત રસ આત્માના અંગે અંગમાં-પ્રદેશે પ્રદેશમાં વ્યાપ્ત થઇ તેને શુદ્ધ આત્મધર્મની પુષ્ટિથી

---

શ્રાદ્ધ કરીએ અને પૂર્વજો પામે એ બની શકે નહિ. સ્વર્ગ યા નરક કે બીજી યોનિ ભોગવતા આપણા પૂર્વજો પોતાના જ કર્મને આધીન છે, બીજીનાં કર્મથી તેને સુખ, દુઃખ કે હાનિવૃદ્ધિ થતી નથી.

ભૂતયજ્ઞ—આ યજ્ઞમાં અપાતાં બલિદાન ભારે પાપનું કારણ છે. આ યજ્ઞનો વૈદિક આશય ગમે તે હોય પરંતુ તેમાં એટલી બધી વિકૃતિ થયેલી આપણે જોઇએ છીએ કે ધર્મને નામે આમાં થતી હિંસાનો પાર રહ્યો નથી. અશ્વમેધ યજ્ઞનું સ્વરૂપ સાંભળ્યું છે, પાડા, બકરા ને બીજા જીવોનાં અપાતાં બલિદાન પણ કર્ણગોચર થાય છે, આ શું ધર્મ છે? આ હિંસામાં આર્ય સંસ્કૃતિ સમાયેલી છે એમ કોઇ કહી શકશે કે? આ પાપપ્રવૃત્તિ ટાળવા માટે જ પ્રભુ મહાવીર જન્મ્યા, એમ જગત કહે છે તે ખરેખર સત્ય છે. પ્રભુ મહાવીરે અઢી હજાર વર્ષ પૂર્વે આ પ્રવૃત્તિને ન અટકાવી હોત તો આજે કઇ સ્થિતિ હોત તે કહી શકાય તેમ નથી. પ્રભુ મહાવીરે સંસ્કૃતિનું પાલન કેવી રીતે કર્યું? જગતને સદ્ધર્મનું સ્વરૂપ કેવી રીતે સમજાવ્યું? સાચો યજ્ઞ કયો કહેવાય? વગેરે સ્વરૂપ આગળ બતાવવામાં આવશે.

નૃયજ્ઞ—આમાં અતિથિસંસ્કારનું વર્ણન છે, તેમજ નિરાધારને આધાર આપવાની ભાવના છે, એ એકંદરે હિતકારક છે.

આ ઉપરથી સંસ્કૃતિની વ્યાખ્યા તો એ જ કરી શકાય કે—જ્યાં જેટલે અંશે અહિંસા, સદ્ભાવ અને સદ્વર્તનનું પાલન ત્યાં તેટલે અંશે સંસ્કૃતિનો ઉદ્ભવ સમજવો કે જે વ્યવહાર અને નિશ્ચય બંનેને સુધારે છે. જૈન સંસ્કૃતિની શુદ્ધતા સિદ્ધ કરવા માટે આ ટૂંકા લેખમાં પૂર્વ પક્ષને સકારણ લંબાવવામાં આવ્યો છે. ( ચાલુ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંસલ કરે, પુષ્ટ ભરાવદાર બનાવે, માટે શ્રવણ પર જેટલો ભાર મૂકવામાં આવે છે તેના કરતાં અનેકગણો ભાર મનન-મીમાંસન પર મૂકવા યોગ્ય છે; પરંતુ વર્તમાનમાં તેથી ઊલટી જ પરિસ્થિતિ દૃશ્ય થાય છે. હાલમાં વાંચન-શ્રવણ ખૂબ વધ્યું છે, પણ મનન-શક્તિ જાણે કુંઠિત થઇ ગયેલી જણાય છે; તેથી કરીને જ ઘણા લોકોનું જ્ઞાન પણ ઊંડા અવગાહનવાળું તલસ્પર્શી હોવાને બદલે પ્રાયઃ છીંછરું, ઉપરછલ્લું ને ઉપરચોટિયું પ્રતિભાસે છે અને તેથી કરીને જ ગંભીર વિચારશીલ તત્ત્વ નવનીત સમા સાહિત્યને બદલે ક્ષુલ્લક છાસબાકળા જેવા સત્ત્વહીન નિર્માલ્ય સાહિત્ય પ્રત્યે વિશેષ અભિરુચિ દૃષ્ટિગોચર થાય છે. મહાત્મા દેવચંદ્રજી મહામુનિ પોકારી ગયા છે કે—

**"તત્ત્વ રસિક જન થોડલા રે, બહુલો જન સંવાદ;**
**જાણો છો જિનરાજજી રે, એ સઘલો વિખવાદ...ચંદ્રાનન જિન!"**

અધ્યાત્મ તત્ત્વનું મનન થાય એટલે પછી તેનું પરિશીલન થાય-પરિભાવન થાય. પરિ-સર્વથા, શીલન-સ્વભાવભૂતપણું. શ્રુતબોધનું સર્વથા આત્મસ્વભાવભૂતપણું, અંતરાત્મ પરિણામીપણું, ભાવિતાત્મપણું થવું તે પરિશીલન. આવું પરિશીલન જેને થાય છે તેના હૃદયમાં અધ્યાત્મ તત્ત્વ વજ્રલેપ દૃઢ અંકિત થાય છે; ને તે અધ્યાત્મ યોગીને અહોનિશ સૂતાં બેસતાં જાગતાં ઊઠતાં નિરંતર તે પરમાર્થ વિષયનું જ અનુસ્મરણ રહ્યા કરે છે. આ અંગે પરમ ભાવિતાત્મા **શ્રીમદ્ રાજચંદ્રજી**નું સ્વાનુભવ વચન છે કે-'રાત્રી અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે. આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે. અધિક શું કહેવું? હાડ, માંસ અને તેની મિંજાને એક જ એ જ રંગનું રગન છે. એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે.' આમ પરિશીલનવડે કરીને પરમાર્થ જેના આત્મામાં પરિણત થયો છે, તે યોગી પુરુષનું ચિત્ત અન્ય કાર્ય કરતાં પણ આત્મધર્મમાં જ લીન હોય,-સંસાર સંબંધી બીજાં કામ કરતાં પણ પતિવ્રતા સ્ત્રીનું ચિત્ત પોતાના પ્રિયતમમાં જ લીન હોય તેમ.

**અધ્યાત્મ પરિશીલન**

આ શ્રવણ, મનન ને પરિશીલન જે કહ્યા તે જ બીજા શબ્દોમાં શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન ને ભાવનાજ્ઞાન કહી શકાય. વાક્યાર્થમાત્ર વિષયવાળું મિથ્યાભિનિવેશ રહિત જે જ્ઞાન તે **શ્રુતજ્ઞાન*** તે કોઠીમાં નાંખેલા દાણાની પેઠે જેમનું તેમ રહે છે, વૃદ્ધિગત થતું નથી.

* "वाक्यार्थमात्रविषयं कोष्ठकगतबीजसन्निभं ज्ञानम् ।
श्रुतमयमिह विज्ञेयं मिथ्याभिनिवेशरहितमलम् ॥
यत्तु महावाक्यार्थजमतिसूक्ष्मसुयुक्तिचिन्तयोपेतम् ।
उदक इव तैलबिन्दुर्विसर्पि चिन्तामयं तत् स्यात् ॥
ऐदंपर्यगतं यद्विध्यादौ यत्नवत्तथैवोच्चैः ।
एतत्तु भावनामयमशुद्धसद्रत्नदीप्तिसमम् ॥"

—શ્રી હરિભદ્રસૂરિકૃત ષોડશક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાવાકયાર્થજન્ય જ્ઞાન જે અતિ સૂક્ષ્મ સુયુક્તિ ચિંતાથી યુકત છે તે **ચિંતાજ્ઞાન;** તે જલમાં તેલબિન્દુની જેમ ફેલાય છે, વિસ્તરે છે. ઐદંપર્યગત–પરમાર્થભૂત જે જ્ઞાન વિધિ આદિમાં અત્યંતપણે યત્નવંતું છે તે **ભાવનાજ્ઞાન;** અને તે અશુદ્ધ સદ્રત્નની દીપ્તિ-કાંતિ સમું ઝળહળે છે. આ ત્રણ પ્રકારના જ્ઞાનમાં ભાવનાજ્ઞાન જ વાસ્તવિકજ્ઞાન છે અને તે જ ઉત્તમ છે. ઉક્ત સ્વરૂપવાળા શ્રુતજ્ઞાનની સર્વત્ર વિપુલતા હોય છે, પણ ભાવના જ્ઞાનવાળો

**શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન ને ભાવનાજ્ઞાન.**

ભાવિતાત્મા તો ક્વચિત્ વિરલો જ દૃષ્ટિગોચર થાય છે. આ અંગે **મહર્ષિ હરિભદ્રસૂરિજી શ્રી ધર્મબિન્દુમાં** સ્પષ્ટપણે પ્રકાશે છે કે–' ×શ્રુતમયી પ્રજ્ઞાથી જાણ્યું તે જાણ્યું નથી, ભાવનાથી દીઠું–જાણ્યું તે ખરેખરું જાણ્યું છે; કારણ કે શ્રુતજ્ઞાનથી જાણપણું તેનું ઉપરાગ માત્રપણું છે; ' અર્થાત્ જેમ સ્ફટિકમાં સન્નિહિત પુષ્પાદિની ઉપરાગરૂપ ઝાંઇ જ પડે છે, પણ અંતઃપ્રવેશ હોતો નથી, તેમ શ્રુતમયી પ્રજ્ઞામાં બહિરંગ ઉપરછલો ( superficial & skin-deep ) બોધ માત્ર જ હોય છે, પણ અંતઃપરિણતિ હોતી નથી. અને તેનું કારણ પણ એ છે કે હાડોહાડ ( Bone-deep ) રંગ લાગ્યો છે એવો ભાવનાજ્ઞાનવાળો પુરુષ જેમ દૃષ્ટ અનર્થોમાંથી નિવર્તે છે, તેમ શ્રુતમયી પ્રજ્ઞાવાળો અનર્થરૂપ અપાયોમાંથી નિવર્તતો નથી, આમ ભાવનાનુગત જ્ઞાનનું જ તત્ત્વથી જ્ઞાનપણું છે. '**भावनानुगतस्य ज्ञानस्य तत्त्वतो ज्ञानत्वात्** ।' એટલા માટે જ ભાવિતાત્મા શ્રી **હરિભદ્રસૂરિજી** કહે છે કે-મુમુક્ષુએ સર્વત્ર ભાવનામાં જ યત્ન કરવો શ્રેય છે. '**इति मुमुक्षोः सर्वत्र भावनायामेव यत्नः श्रेयान्** ।'

આ ભાવનામય પરિશીલન અધ્યાત્મ પરત્વે નય અને હેતુ સંબંધી કરવાનું અત્ર વિવક્ષિત છે. '**પરિશીલન નય હેત.**' અધ્યાત્મમાં નયનું પરિશીલન-પરિભાવન કેમ કરવું તે વિચારવા યોગ્ય છે. જ્ઞાની પુરુષોએ વસ્તુસ્વરૂપ સમજવા માટે જે નય-અપેક્ષા વિશેષો કહ્યા છે, તેનો પરમાર્થ અધ્યાત્મમાં–આત્મામાં ભાવન કરવો તે અધ્યાત્મ નય પરિશીલન છે. જ્ઞાનીઓએ જે કાંઇ ઉપદેશ કર્યો છે તે જીવને પરમાર્થ પમાડવા માટે અમુક અમુક અપેક્ષા-

**અધ્યાત્મમાં નય પરિશીલન**

વિશેષના પ્રધાનપણાથી કર્યો છે. '**उवएसो सो णओ णाम** ।' એટલે ઉપદેશ છે તે નય–અપેક્ષા વિશેષથી જીવને સન્માર્ગે દોરવણીરૂપ છે, 'સમજાવવાની શૈલી'રૂપ છે, 'ની' (નય્ to lead) ધાતુ પરથી વસ્તુસ્વરૂપ અંશ પ્રત્યે દોરી જાય તે નય એ શબ્દનો વ્યુત્પત્ત્યર્થ પણ એ જ સૂચવે છે. એટલે પાત્રભેદે કે પ્રસંગભેદે જો નિત્ય દેશના ઉપકારી લાગી તો ત્યાં જ્ઞાનીઓએ દ્રવ્યાસ્તિક નયના પ્રધાનપણે ઉપદેશ કર્યો, જો અનિત્ય દેશના ઉપકારી

× "**नहि श्रुतमय्या प्रज्ञया, भावनादृष्टज्ञातं ज्ञातं नामेति ।
उपरागमात्रत्वादिति, दृष्टवदपायेभ्योऽनिवृत्तेरिति ॥**"

**—શ્રી ધર્મબિન્દુ, અ. ૬**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગી તો ત્યાં પર્યાયાસ્તિક નયની મુખ્યતાથી ઉપદેશ કર્યો, અથવા અન્ય કોઈ અપેક્ષા કાર્યકારી લાગી, તો ત્યાં તેને પ્રધાનપદ આપી ઉપદેશ કર્યો. આમ તે તે નયને-અપેક્ષા-વિશેષને આશ્રીને તેઓએ સર્વત્ર તેવી તેવી ઉપદેશપદ્ધતિ અંગીકાર કરી છે, કારણ કે ગમે તેમ કરી જીવની આત્મભ્રાંતિ દૂર કરી, તેને નિજ આત્મસ્વરૂપનો લક્ષ કરાવી 'ઠેકાણે આણવો.' પરમાર્થ પમાડવો એ જ એક એમનો મુખ્ય ઉદ્દેશ હતો. નયચક્રના સમસ્ત આરા અનેકાન્ત વસ્તુસ્વરૂપ ધરી સાથે સંકળાયેલા હોઇ, પરમાર્થરૂપ મધ્યબિન્દુની આસપાસ પ્રદક્ષિણા ફરે છે અને પરમાર્થ પ્રત્યે દોરી જાય છે. પિતાની સર્વ તનયો પ્રત્યે સમદૃષ્ટિ હોય, તેમ અનેકાંત× પરમાર્થની સર્વ નયો પ્રત્યે સમદૃષ્ટિ જ હોય છે. ચક્રની પરિધિ પરનું કોઇ પણ બિન્દુ મધ્યબિન્દુથી સમાંતર ( Equi-distant ) હોય, તેમ નયચક્રનો પ્રત્યેક નય અનેકાંત પરમાર્થરૂપ મધ્યબિન્દુથી સમાંતર હોય છે, અને સર્વ નયનું મિલન-સ્થાન પણ પુષ્પની કર્ણિકાની જેમ પરમાર્થરૂપ મધ્યબિન્દુ છે. પરંતુ છૂટા છૂટા, વિશૃંખલ, વ્યસ્ત, પરસ્પર નિરપેક્ષ નય તો મિથ્યાત્વરૂપ હોઇ દુર્નય અથવા નયાભાસ છે. એક શૃંખલાબદ્ધ, સમસ્ત, એક પરમાર્થ પ્રત્યે લઇ જનારા, પરસ્પર સાપેક્ષ નય સમ્યક્‌ત્વરૂપ હોઈ સુનય છે. એટલા માટે જ નિરાગ્રહ એવી અનેકાંતદૃષ્ટિ જેણે સમ્યક્‌પણે ઝીલી છે, એવા પરમાર્થદૃષ્ટિ પુરુષો અધ્યાત્મમાં નય પરિશીલન એવું સમ્યક્‌પણે કરે છે કે તેઓ દુર્નયને સુનયપણે ચલાવી, એકત્વ અભેદપણે ધ્યાવી, તે સર્વને પરમાર્થમાં સમાવી, તેનો વર્તનભેદ દૂર કરે છે, અર્થાત્ તે સર્વને પરમાર્થપ્રલયી બનાવે છે. **મહામુનિ દેવચંદ્રજીએ** ગાયું છે કે—

"દુર્નય તે સુનય ચલાયા, એકત્વ અભેદે ધ્યાયા;
તે સવિ પરમાર્થે સમાયા, તસુ વર્તન ભેદ ગમાયા...મનમોહના જિનરાયા."

આ નયવાદ માત્ર શાસ્ત્રીય રસનો કે વાદવિવાદ માટેનો વિષય નથી, પણ વસ્તુસ્વરૂપ સમજવા અને પરમાર્થ પામવા માટેની અનુપમ યુક્તિવાળી સર્વ સમન્વયકારી સુંદર યોજના છે; અને એ જ એની વ્યવહારુ ઉપયોગિતા ( Practical utility ) છે. દા. ત. સપ્ત-ભંગી નય, એ કંઇ ભંગજાલમાત્ર નથી, પણ તત્ત્વનો અવિસંવાદી યથાર્થ વિનિશ્ચય દૃઢ કરાવનારી પરમ સુંદર યુક્તિ છે. તેનું અધ્યાત્મ પરિશીલન કરી આત્મા પર ઉતારીએ તો આત્મા **स्वरूपेण अस्ति, पररूपेण नास्ति,** આત્મા સ્વરૂપથી છે, પરરૂપથી નથી, ઇત્યાદિ પ્રકાર ફલિત થાય છે. અર્થાત્ સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી આત્મા છે, પર દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી આત્મા નથી, આમ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી આત્મા ભિન્ન છે એવું તત્ત્વવિનિશ્ચયરૂપ ભેદજ્ઞાન આથી વજ્રલેપ દૃઢ થાય છે. ( ચાલુ )

× यस्य सर्वत्र समता नयेषु तनयेष्विव ।
तस्यानेकान्तवादस्य क्व न्यूनाधिकशेमुषी ॥
—શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મોપનિષદ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

## ( સમાલોચના )

ભાઇશ્રી ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતાએ વિવેચન લખેલ મહર્ષિ શ્રી હરિભદ્રાચાર્યપ્રણીત યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ સમાલોચના માટે અમને મળ્યો છે. શ્રી મનઃસુખલાલ તારાચંદ મહેતાએ પોતાની સ્વર્ગસ્થ પત્ની લીલાવતી બ્હેનના પુણ્ય સ્મરણાર્થે પોતાના ખર્ચે આ ગ્રંથ પ્રકાશિત કર્યો છે. લગભગ આઠસેં પાનાનો દળદાર ગ્રંથ હોવા છતાં કિંમત ફક્ત રૂપિયા છ રાખેલ છે. ભાવનગરના પ્રસિદ્ધ મહોદય પ્રેસમાં આ ગ્રંથ સુંદર કાગળ અને ઉત્તમ રીતે છપાયેલ અને બંધાયેલ છે. જૈનદર્શનના અભ્યાસીઓ અને સાહિત્યરસિકોએ આ ગ્રંથ પોતાના ઘરમાં વસાવવા જેવો છે.

મૂળ ગ્રંથ "યોગદૃષ્ટિસમુચ્ચય" જૈનધર્મ અને જૈનતત્ત્વજ્ઞાનના સમર્થ યુગપ્રધાન આચાર્યશ્રી હરિભદ્રસૂરિની કૃતિ છે. તેમનો સમય લગભગ આઠમા સૈકાનો છે. આખો મૂળ ગ્રંથ જૈનદર્શનની દૃષ્ટિએ યોગનું તાત્ત્વિક સ્વરૂપ નવીન શૈલીએ રજૂ કરે છે. વિવેચક મહાશય પ્રસ્તાવનામાં લખે છે તેમ "અનેક યોગશાસ્ત્રોના નવનીતરૂપ આ યોગદૃષ્ટિસમુચ્ચય શાસ્ત્રનું સ્થાન અનુપમ છે. અનેક નવીન અને મૌલિક વિચારધારાઓ રજૂ કરી અપૂર્વ યોગદૃષ્ટિરૂપ દિવ્ય નયનના ઉન્મીલનરૂપ નિર્મલ બોધપ્રકાશ ફેલાવનાર આ ગ્રંથરત્નનું સ્થાન અનન્ય છે." આખો મૂળગ્રંથ વાંચતા અમારા મન ઉપર એવી છાપ પડે છે કે–જાણે એક મોક્ષાર્થી–મુમુક્ષુ મોક્ષમાર્ગ તરફ પ્રયાણ કરતો હોય તે પ્રમાણે પ્રયાણ કરતાં તેના આત્માનો વિકાસ–આત્મજ્ઞાનનો આવિર્ભાવ ક્રમશઃ થતો હોય, મુમુક્ષુ પોતાના પ્રયાણમાં સતત જાગ્રત રહેવા યત્ન કરતો હોય અને આવા મોક્ષમાર્ગના પ્રયાણની આત્મિક જાગ્રતિમાં આત્માના ક્રમે ક્રમે વિકાસ પામતા શુદ્ધ અધ્યવસાયો–આત્મિક ભાવોનો પોતાની માનસિક ભૂમિમાં નોંધ કરતો જતો હોય, આત્માનો જ્ઞાનબોધ ક્રમશઃ નિર્મળ થતો અનુભવતો હોય, તેની જૂદી જૂદી સીમાઓની કલ્પના કરી અભ્યાસીઓને મદદરૂપ થાય તે માટે તેના વિભાગો પાડતો જતો હોય, પ્રથમની મિત્રાદૃષ્ટિથી શરૂ કરી છેલ્લી અઠમી પરા દૃષ્ટિ સુધી–કેવળજ્ઞાનના અંતિમ બોધ સુધીની આત્મિક દશાઓનું વર્ણન તે મુમુક્ષુ કરતો હોય–એવી આ ગ્રંથની યોજના જણાય છે. મુમુક્ષુનું મોક્ષમાર્ગ ઉપરનું પ્રયાણ તો અખંડિત–સળંગ છે. તેમાં કાંઇ સીમાચિહ્નો વસ્તુસ્થિતિનાં ( Objetively ) હોતા નથી પણ જૂદા જૂદા મિત્રા આદિ યોગદૃષ્ટિના સીમાચિહ્નો તો મુમુક્ષુની દોરવણી માટે પાડેલા છે, જેથી મુમુક્ષુ માર્ગમાં પોતે કયાં સુધી પહોંચ્યો છે તેની ચકાસણી કરી શકે.

આ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથની કલ્પના અને રચના જૈન શાસ્ત્રોમાં અનોખી ભાત પાડે છે. આગમોમાં અને ત્યારપછીના આધ્યાત્મિક જૈન શાસ્ત્રના ગ્રંથોમાં જૂદે જૂદે ઠેકાણે આત્મવિકાસના જૂદા જૂદા આવિર્ભાવો બતાવવામાં આવ્યા છે, પણ સળંગ પદ્ધતિસર પાતંજલ યોગદર્શનની જેમ એક યોગશાસ્ત્રની જૈન દૃષ્ટિએ રચના થયેલ હોય એમ જણાતું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. જૈનદર્શનમાં આત્મા અનાદિકાળથી પુદ્ગલ-કર્મ સાથે બંધાયેલો છે, સંસારી જીવ આત્મ અને અનાત્મ તત્ત્વનો એક સમૂહ-સંસ્થાન ( Complex ) છે. પોતાના કર્મ-ફળનો સ્વયંકર્તા અને ભોક્તા છે. સાંખ્યદર્શન અને તે ઉપર રચાયેલ યોગદર્શનમાં માનવામાં આવે છે તેવો આત્મા-પુરુષ ફક્ત એક દ્રષ્ટા નથી. જૈન તત્ત્વજ્ઞાનની આવી તત્ત્વના સ્વરૂપની માન્યતા હોવાથી, જૈનદર્શનમાં આત્મા સાથે અનાદિકાળથી જોડાયેલ પુદ્ગલ કર્મની વિચારણા મુખ્ય સ્થાન ભોગવે છે. કર્મ બંધના કારણો, તે કારણોને દૂર કરવાના સાધનો અને તે બંધનો-આવરણો ક્રમે ક્રમે મંદ અને ક્ષય થતાં આત્માના વિકાસની ભૂમિકાઓનું સૂક્ષ્મ રીતે વર્ણન જૈનશાસ્ત્રોમાં મળે છે, તેનું પારિભાષિક નામ ચૌદ ગુણસ્થાનક્રમારોહ છે. તેનું સવિસ્તર વર્ણન કરનાર અનેક ગ્રંથો રચાયા છે. તેમાં સંસારી જીવમાં રહેલ કર્મતત્ત્વ ઉપર દૃષ્ટિ કેંદ્રિત કરવામાં આવે છે, આત્મતત્ત્વના વિકાસ-આત્મબોધ-આત્મદર્શન ઉપર દૃષ્ટિ ગૌણપણે રાખવામાં આવી છે.

શ્રી હરિભદ્રાચાર્ય એવા સમયમાં થઈ ગયા છે કે તેમને યોગશાસ્ત્રની આ ત્રુટી જૈન-દર્શનના ઉત્કર્ષમાં એક આવરણરૂપ જણાઇ હતી. તેઓ ષટ્શાસ્ત્રના અખંડ અભ્યાસી હતા, પૂર્વાશ્રમમાં ષટ્દર્શનનો તેમનો અભ્યાસ સંપૂર્ણ હતો. જૈન આચાર્ય થયા પછી જૈન આગમો અને શાસ્ત્રોનો તેઓશ્રીએ અપૂર્વ પરિચય મેળવ્યો હતો. તેઓની વિચાર-ભાવના અતિઉદાર હતી, વિશ્વના ધર્મોમાં બંધુત્વ ભાવનાના તેઓ પોષક હતા, જે હકીકત આ ગ્રંથનો અભ્યાસ કરતાં તરી આવે છે. શ્રી હરિભદ્રાચાર્યનું કેટલું સમદર્શીપણું હતું, કેટલી ઉદાર ભાવના હતી, ધર્મને નામે થતા કલહો પ્રત્યે કેટલો તિરસ્કાર હતો, અને માનવી માત્ર ધર્મના વિષયમાં કુતર્કવાદ છોડી દઇ શમપ્રધાન યોગમાર્ગ તરફ વળે એવી સબળ ઉત્કંઠા હતી, તે હકીકત 'દીપ્રાદૃષ્ટિ'ના વિવેચનમાં તે મહાત્માએ દર્શાવેલ છે. દરેક ધર્મવાળા પોતાના આદ્ય પ્રણેતાને સર્વજ્ઞ માને છે, સર્વજ્ઞનો વિવાદ દરેક ધર્મમાં જોવામાં આવે છે તે સર્વજ્ઞવિવાદનો કેવી રીતે તેઓશ્રીએ સમન્વય કર્યો છે અને વિશ્વ-ધર્મભાવનાને કેવી રીતે પુષ્ટિ આપેલ છે તે આ સ્થળે જોવામાં આવે છે. તેઓશ્રી લખે છે કે-

न तत्त्वतो भिन्नमताः, सर्वज्ञा बहवो यतः ।
मोहस्तदधिमुक्तीनां, तदभेदाश्रयणं ततः ॥ १०२ ॥

सर्वज्ञो नाम यः कश्चित्पारमार्थिक एव हि ।
स एक एव सर्वत्र व्यक्तिभेदेऽपि तत्त्वतः ॥ १०३ ॥

ઘણા સર્વજ્ઞો તત્ત્વથી ભિન્ન મતવાળા નથી, તેના ભેદનો આશ્રય તેના અતિભક્તોનો મોહ છે, સર્વજ્ઞ નામથી ઓળખાતો સાચેસાચો વ્યકિતભેદ છતાં તત્ત્વથી સર્વત્ર એકજ છે.

આવા સમયમાં મુમુક્ષુને માર્ગદર્શક પાતંજલ યોગદર્શનને અનુરૂપ જૈનદૃષ્ટિ અનુસાર આ ગ્રંથ તેઓશ્રીએ રચેલો જોવામાં આવે છે. દરેક અભ્યાસીએ આ મૂળ ગ્રંથનો અભ્યાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખંતથી કરવાની આવશ્યકતા છે. મૂળ ગ્રંથ સ્વાધ્યાયમાં રાખવા જેવો છે. જેમ ભગવદ્ગીતાનું પઠન નિરંતર અન્ય ધર્મીઓ કરે છે, તેમ આ ગ્રંથના અમુક અમુક ભાગનું પઠન–સ્વાધ્યાય જૈનોએ કરવા જેવું છે. જેમ કરવાથી આત્મજ્ઞાન જાગ્રત થશે અને મોક્ષમાર્ગ પરનું પ્રયાણ સહેલું થશે. મૂળ ગ્રંથને અંગે આટલું ટૂંકુ વિવેચન કર્યા પછી હવે આ ગ્રંથનું જે વિવેચન ડૉ. ભગવાનદાસે કરેલ છે, તે તરફ દૃષ્ટિપાત કરીએ.

ડૉ. ભગવાનદાસ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથના વિવેચક છે. તેઓએ આ ગ્રંથ તેમના સ્વ. પિતા મનઃસુખભાઇ કિરતચંદને સમર્પણ કરેલ છે. સ્વ. મનઃસુખભાઇ એક અધ્યાત્મરસિક વિદ્વાન હોઇ શ્રીમદ્ રાજચંદ્રના પરમભક્ત હતા. ડૉ. ભગવાનદાસને અધ્યાત્મ રસનો વારસો તેમના પિતાશ્રી તરફથી મળેલ છે. ડૉ. ભગવાનદાસના વિદ્વત્તાભરેલા અધ્યાત્મરસવાળા લેખોથી શ્રી **જૈનધર્મ પ્રકાશ**ના વાંચકો પરિચિત જ છે. ગ્રંથની શરૂઆતમા ગ્રંથના પ્રકાશક શ્રી મનઃસુખભાઇ તારાચંદ મહેતાએ ટૂંકું નિવેદન લખેલ છે. ત્યાર પછી વિવેચક મહાશયે ટૂંકી પ્રસ્તાવના લખી છે. અને પછી લંબાણથી ઉપોદ્ઘાત લખેલ છે. આખો ઉપોદ્ઘાત સંભાળથી મનનપૂર્વક વાંચવા–વિચારવા જેવો છે, જેમાં યોગનું સ્વરૂપ બતાવેલ છે. "પરિશુદ્ધ એવો સર્વ ધર્મવ્યાપાર તે યોગ" એવી વ્યાપક વ્યાખ્યા આપેલ છે. પાતંજલ યોગશાસ્ત્રમાં "**योगश्चित्तवृत्तिनिरोधः**" એવી જે યોગની વ્યાખ્યા આપેલ છે, તેની સાથે જૈન દર્શન પ્રમાણે 'યોગ'ની વ્યાખ્યાનો સમન્વય કેમ થઇ શકે તે બતાવેલ છે. ઉપોદ્ઘાતમાં યોગદૃષ્ટિનું સામાન્ય દિગ્દર્શન કરાવેલ છે. દૃષ્ટિ શબ્દનો તાત્વિક અર્થ ઘટાવેલ છે, ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગનું સંક્ષિપ્તમાં સ્વરૂપ બતાવેલ છે. શાસ્ત્રકર્તા શ્રી હરિભદ્રાચાર્યનો ટૂંક પરિચય કરાવ્યો છે.

પ્રકાશક ભાઇશ્રી મનઃસુખલાલે પણ ગ્રંથમાં માંગલિક વક્તવ્ય શરૂઆતમાં લખેલ છે, તેમાં મનુષ્યજીવનમાં યોગનું સ્થાન, મોક્ષપ્રાપ્તિનું કારણ, અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઇ જવાનું સાધન વિગેરે શબ્દોમાં યોગનું મહાત્મ્ય બતાવેલ છે.

ગ્રંથની અનુક્રમણિકા પણ સવિસ્તર ઘણી ખંતથી લખેલ જોવામાં આવે છે. દૃષ્ટિ ફેરવતા વિવક્ષિત વિષય તરત નજરે પડે છે, અને સમગ્ર વિષયનું દિગ્દર્શન થઇ જાય છે. પ્રસ્તુત ગ્રંથના વિવરણમાં ડૉ. ભગવાનદાસે ગ્રંથનો સંસ્કૃત મૂળ શ્લોક, તેનો કાવ્યાનુવાદ, અક્ષરાર્થ, શ્લોક ઉપરની હરિભદ્રાચાર્ય સ્વોપજ્ઞ વૃત્તિ, તેનો અર્થ અને તે ઉપર લંબાણથી સરલ સુંદર ભાષામાં વિવેચન કર્યું છે; અને જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં જૈન આગમગ્રંથો, અન્ય અધ્યાત્મગ્રંથો અને તત્વજ્ઞાનીઓના વચનો ટાંકી ગ્રંથને સમૃદ્ધ કરેલ છે. શ્રી આનંદઘનજી મહારાજ, દેવચંદ્રજી મહારાજ, ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ, શ્રીમદ્ રાજચંદ્રજી વિગેરેના વચનોનો છૂટથી ઉપયોગ કર્યો છે. આવા અધ્યાત્મ વિષયમાં ડૉ. ભગવાનદાસને આવા અધ્યાત્મરસવાળા સાહિત્યનું કેટલું જ્ઞાન ઉપસ્થિત છે, અને યોગ્ય સ્થાને તેનો યોગ્ય ઉપયોગ કેવો કર્યો છે તે જોતાં તેમને માટે આપણને માન ઉપજે છે. પોતાના વિષયમાં નિષ્પન્ન એક સમર્થ વિદ્વાન વક્તાનું અમુક વિષય ઉપર વ્યાખ્યાન ચાલતું હોય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના વિષયની પુષ્ટિમાં અનેક શાસ્ત્રના અને વિદ્વાનોના અભિપ્રાયો ટાંકવામાં આવતા હોય અને શ્રોતાઓના મન તે વિષય ઉપર કેંદ્રિત કરવામાં આવતા હોય એવું ભાન આ ગ્રંથનું લખેલ વિવેચન વાંચતાં આપણને થાય છે.

વિદ્વાન લેખકે આ ગ્રંથના વિવેચનમાં પૃથક્કરણ શૈલિ અને સમન્વય શૈલિ બંનેનો ઉપયોગ કર્યો છે. વિષય સરલ રીતે સમજી શકાય માટે તેના વિભાગો પાડ્યા છે, અને છેવટે ઉપસંહારમાં આખા વિષયનું સમગ્ર અવલોકન કર્યું છે. આપણે ત્યાં દરવર્ષે ધાર્મિક સાહિત્યના ઘણા ગ્રંથો પ્રસિદ્ધ થાય છે જેમાં કેટલાક મૂળગ્રંથો હોય છે, કેટલાક ભાષાંતરો અને અનુવાદો હોય છે, જેમાં મૌલિકતા (originality) ઓછી હોય છે. આવા ગ્રંથ જેમાં લેખક મહાશયે અપૂર્વ રચનાશક્તિ, ઊંડો અભ્યાસ અને આવા ગહનયોગ જેવા વિષયને લોકભોગ્ય કરવાની સુંદરશૈલિનો ઉપયોગ કર્યો હોય તેવા જવલ્લે જ બહાર પડે છે. આ માટે લેખક મહાશય ધન્યવાદને પાત્ર છે.

પ્રકાશક ભાઇશ્રી મનસુખલાલ તારાચંદ મહેતા પણ અભિનંદનને પાત્ર છે. આપણા શ્રીમંત માણસો અનેક રસ્તે પોતાના ધનનો ઉપયોગ કરે છે, ધર્મના અનુષ્ઠાનોમાં પણ ભક્તિપૂર્વક છૂટે હાથે ધન વાપરે છે, પણ જ્ઞાનની પ્રભાવના-ઉત્તમ પુસ્તકો છપાવવામાં છૂટે હાથે આર્થિક મદદ કરનાર ઘણા ઓછા ગૃહસ્થો મળે છે. પરિણામે ઘણા ઉત્તમ પુસ્તકો છપાયાવિના પડ્યા રહે છે. પુસ્તક પ્રકાશન કરવાવાળી સંસ્થાઓને જો સારા મૌલિક ગ્રંથો છપાવવા માટે સારી આર્થિક સહાય મળતી રહે તો ઘણું અમૂલ્ય સાહિત્ય પ્રકાશિત થાય. ભાઈશ્રી મનસુખલાલ તારાચંદ મહેતા તો પોતે પ્રકાશન કરવામાં જે સહાય કરી તે માટે માન માગતા નથી, પણ ઉલટા પોતાના નિવેદનમાં લખે છે કે—" આવો અમૂલ્ય ગ્રંથ નિષ્કામભાવે પ્રગટ કરવાની રજા આપવા માટે હું ડૉ. ભગવાનદાસભાઇનો અત્યંત આભારી છું." આવા શ્રીમંત માણસો આપણા સમાજમાં છે તે આપણે માટે ગૌરવની વાત છે.

છેવટે એક સૂચના કરવાની રહે છે. આ ગ્રંથ એટલો બધો વિસ્તારવાળો થયો છે કે આવો વિસ્તૃત ગ્રંથ વાંચવા વિચારવાની ફુરસદવાળા માણસો આપણા વ્યાપારીમાનસવાળા સમાજમાં ઓછા નીકળશે. મૂળ ગ્રંથ અમે પ્રથમ જણાવ્યું તેમ એટલો બધો ઉપયોગી છે કે સ્વાધ્યાયમાં રાખવા જેવો છે, એટલે મૂળ વિષય સમજવામાં ક્ષતિ ન પહોંચે, ઊલટી મદદ થાય તેવી રીતે સંક્ષિપ્ત કરી છપાવવામાં આવે તો પણ ઘણું ઉપયોગી સાહિત્ય થશે. આવા સંક્ષિપ્ત કરેલા ગ્રંથની કિંમત ઓછી રાખવામાં આવે તો અધ્યાત્મપ્રેમી ઘણા માણસો લાભ લઇ શકશે.

જીવરાજ ઓધવજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગસ્થ શ્રી મોતીચંદભાઈને નિવાપાંજલિ.



સં. ૨૦૦૭ના ફાગણ વદી પાંચમ ને મંગળવારના રોજ સવારના મુંબઈખાતે **શ્રીયુત મોતીચંદભાઈ ગિરધરલાલ** કાપડિયા સ્વર્ગવાસી થતાં શોક વ્યક્ત કરવા માટે શ્રી જૈનધર્મ પ્રસારક સભાની જનરલ કમિટીની મિટીંગ, ફાગણ વદિ ૭ ને ગુરુવારના સાંજના, **શેઠ ભોગીલાલભાઈ મગનલાલના** પ્રમુખસ્થાને મળેલ, જે સમયે સભાના પ્રમુખ જીવરાજભાઈ તથા સભાસદો સારી સંખ્યામાં ઉપાસ્થત થયા હતા.

શરૂઆતમાં **શ્રી ન્યાલચંદ લક્ષ્મીચંદ વકીલે** જણાવ્યું કે શ્રી મોતીચંદભાઈના સન્માન નિમિત્તે ભાવનગરમાં આપણે યોજેલા મેળાવડાઓને હજી માત્ર સવા વર્ષ વ્યતીત થયું છે ત્યાં તો આપણને તેમના સ્વર્ગવાસના દુઃખજનક સમાચાર સાંભળવા પડ્યા છે. પોતે બાહોશ ધારાશાસ્ત્રી હોવા છતાં તેમનો પ્રિય વ્યવસાય નિયમિત સામાયિક હતું અને તેને અંગે તેઓ વિશાળ સાહિત્યનું સર્જન કરી શકયા. શ્રી મહાવીર જૈન વિદ્યાલય એ તેમનું જીવંત સ્મારક છે માત્ર તેઓએ ધાર્મિક, સામાજિક કે કેળવણીને લગતી જ પ્રવૃત્તિ કરી છે. એટલું જ નહી, પરન્તુ રાષ્ટ્રિય આંદોલનમાં પણ મહત્વનો હિસ્સો આપ્યો છે.

બાદ શ્રી **ગુલાબચંદ લલ્લુભાઈએ** જણાવ્યું કે–આપણે તેમના ગુણો તેમજ સાહિત્યથી પરિચિત છીએ. આપણે કેમ જીવવું ? એ તેઓએ શીખવાડયું છે. ધારાશાસ્ત્રી તરીકેની અનેકવિધ પ્રવૃત્તિ હોવા છતાં ધાર્મિક, સામાજિક, કેળવણી વિષયક અને રાષ્ટ્રીય ફરજોમાં તેઓએ પાછી પાની કરી નથી. તેમની સલાહ પણ માર્ગદર્શક અને દીર્ઘદૃષ્ટિભરી હતી. તેઓશ્રીની ખરેખરી ખોટ તો મુંબઈને અને મુંબઈના જૈન સમાજને પડી છે. તેમનું લેખન પણ સચોટ અને વિચારશીલ જ હતું, વ્યાપાર–કૌશલ્ય, વ્યવહાર-કૌશલ્ય અને ધર્મ–કૌશલ્ય જેવા નાના નાના લેખો તેમની અપાર વિદ્વત્તાના દૃષ્ટાંતો પૂરા પાડે છે. "શાંતસુધારસ" એવી ઉચ્ચ કોટિનું વિવેચન છે કે જે સૌકોઈને વાંચતા રસમુગ્ધ કરે છે. આવા તેમના બીજાં પ્રકાશનો છે, આ ઉપરાંત તેમની મુંબઈની મ્યુનિસીપાલીટી તેમજ કોંગ્રેસ સમિતિની સેવા જાણીતી છે.

બાદ શ્રી **જગજીવનદાસ પોપટલાલ** પંડિતે જણાવ્યું કે—જે જન્મ્યા તે મૃત્યુ તો પામવાના જ છે, પણ જેનું કાર્ય જીવંત રહે છે તે જ ખરેખર જીવંત ગણાય છે. મૃત્યુથી બીવાનું નથી, **अजन्मा** કેમ થવું તેને માટે જ પ્રયત્નશીલ થવું. શ્રી મોતીચંદભાઈના પત્ર–વાંચનથી પણ જાણી શકાય છે કે–તેઓ મૃત્યુને પ્રસન્નભાવે વાંછતા હતા. શાંતસુધારસ–વિવેચન જેવા અત્યુત્તમ ગ્રંથના લેખકે તે ગ્રંથનો રસ કેળવવા પૂરેપૂરો પ્રયત્ન કર્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાદ શ્રી **કાંતિલાલ જગજીવન દોશીએ** જણાવ્યું કે–મેં તેઓશ્રીના હાથ નીચે બે વર્ષ કાર્ય કર્યું છે. તેમની દિનચર્યા જોવો તો ઘડીયાળના કાંટાની માફક નિયમિત. દરેક કાર્ય કાળજી અને ચીવટથી કરવાની તેમની તત્પરતા તેમજ વિદ્યાર્થી પરત્વેનો તેમનો વાત્સલ્યભાવ સૌ કોઇને માન ઉપજાવે તેવો હતો. સમન્વય કરવાની તેમની શક્તિ સુંદર હતી

બાદ શ્રી **ભોગીલાલભાઇ મગનલાલ શેઠે** જણાવ્યું હતું કે–શ્રી મોતીચંદભાઇએ તો પોતાનું જીવન સફલ કર્યું છે. તેઓશ્રી જૈનોને જ ઉપયોગી હતા એટલું જ નહિં પણ જૈનેતરોને પણ તેમની ખોટ પડી છે. શ્રી જૈન ધર્મ પ્રસારક સભાએ તેમના સ્મારક માટે ઉચિત કરવું જોઇએ.

બાદ સભાના ઑનરરી સેક્રેટરી શ્રી **અમરચંદ કુંવરજી શાહે** નીચેનો ઠરાવ મૂક્યો હતો, જેને સભાના ઑનરરી સેક્રેટરી શ્રી **દીપચંદ જીવણલાલ શાહે** અનુમોદન આપવા· બાદ સર્વેએ ઊભા થઇને પસાર કર્યો હતો.

## ઠરાવ.

કર્તવ્યશીલ સમાજસેવક, બાહોશ ધારાશાસ્ત્રી અને સાહિત્યના આજીવન ઉપાસક શ્રી મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયાના ફાગણ વદિ ૫, ને મંગળવારના પ્રભાતે ૭૧ વર્ષની વયે મુંબઇખાતે થયેલ સ્વર્ગવાસ બદલ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા પોતાનો ઊંડો ખેદ વ્યક્ત કરે છે.

તેઓશ્રી જૈન ધર્મ પ્રસારક સભાના ઉત્કર્ષમાં મહત્ત્વનો ફાળો આપનાર હતા. તેઓએ સભાદ્વારા જૈન ધર્મનું સાહિત્ય પ્રકાશન કરી સાહિત્ય તેમજ સમાજ બંનેની ઉચિત સેવા કરી છે. તેઓ આ સભાના પેટ્રન હતા તેમના સ્વર્ગવાસથી સભાને ઉમદા સલાહકારકની પણ ખોટ પડી છે.

તેઓશ્રીએ ધાર્મિક, સામાજિક અને કેળવણીના ક્ષેત્રમાં જ પોતાની સુવાસ ફેલાવી હતી એટલું જ નહિ પરન્તુ રાષ્ટ્રીય આંદોલનમાં તેઓ મોખરે રહેતા અને મુંબઇ મ્યુનિસિપલ કોરપોરેશનની સ્ટેન્ડીંગ કમિટીના પ્રમુખપદ જેવા માનવંતા સ્થાને બિરાજી તેમણે જે અનેકવિધ ક્ષેત્રમાં કાર્ય કર્યું તે તેમની રાષ્ટ્રસેવાની પ્રતીતિરૂપ છે.

મહાવીર જૈન વિદ્યાલય-મુંબઇ, એ તેમનું જીવંત સ્મારક છે એટલું જ નહિ પરન્તુ ચોત્રીશ વર્ષ પર્યન્ત મંત્રીપદે રહી તેમણે જે મુશ્કેલ માર્ગ કાપ્યો છે તેની સાક્ષીરૂપ છે.

અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેમના આપ્તજનો પર આવી પડેલ આ દુઃખ પરત્વે દિલસોજી દર્શાવીએ છીએ.

બાદ આ ઠરાવ પ્રમુખશ્રીની સહીથી શ્રી મોતીચંદભાઇના કુટુંબીજનોને મોકલી આપવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# નિત્ય સ્વાધ્યાય સ્તોત્ર સંગ્રહ.

આશરે પાંચસો પાનાના આ ગ્રંથમાં નવસ્મરણ, જીવવિચાર, નવતત્ત્વ, દંડક લઘુ સંગ્રહણી, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણી, લઘુ ક્ષેત્રસમાસ, કુલકો, તત્ત્વાર્થાધિગમ-સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, સાધુ-સાધ્વી આવશ્યક ક્રિયાનાં સૂત્રો, અતિચાર વિગેરે અનેક ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ વસાવવા જેવો છે. મૂલ્ય રૂા. ત્રણ, પોસ્ટેજ જુદું. લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

---

# દેવવંદનમાળા (વિધિ સહિત)

આ પુસ્તકમાં દીવાળી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ચૈત્રી પુનમ, ચોમાસી, અગિયાર ગણધરો વિગેરેના જુદાં જુદાં કર્તાના દેવવંદનો આપવામાં આવ્યા છે. સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો વિધિ સહિત આપવામાં આવેલ હોવાથી આ પુસ્તક અત્યંત ઉપયોગી થઇ પડેલ છે. પાકું બાઇંડીંગ અને અઢીસો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય રૂા. ૨-૪-૦

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

---

નવું પ્રકાશન તરતજ મગાવો

# પ્રભાવિક પુરુષો : : ભાગ ત્રીજો

**લેખક: શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી**

શ્રી મોહનલાલભાઇની કથા-સાહિત્ય અંગેની કલમથી **"શ્રી જૈન ધર્મ પ્રકાશ"**ના વાચકો અજ્ઞાત નથી. તેમની કસાયેલી કલમથી આજ પૂર્વે **પ્રભાવિક પુરુષો** ભાગ ૧-૨ પ્રકાશિત થઇ ગયેલ છે અને તેનો સુંદર ઉપાડ થયો છે તેવી જ રસિક કલમથી, સાદી ને સુરોચક ભાષામાં આ ત્રીજો ભાગ આલેખવામાં આવ્યો છે.

પૂર્વેના બંને ભાગ પછીની હકીકત આ પુસ્તકમાં વણી લેવામાં આવી છે; એટલે **પૂર્વધર ત્રિપુટીમાં** આચાર્ય **સંભૂતિવિજય, શ્રી ભદ્રબાહુ-સ્વામી** અને દશ પૂર્વના જ્ઞાતા, ચોરાશી ચોવીશી પર્યંત અમર નામધારી **મુનિશ્રી સ્થૂલિભદ્ર, સમ્રાટ્ ત્રિવેણીમાં** સમ્રાટ **ચંદ્રગુપ્ત, સંપ્રતિ** અને **ખારવેલ** અને **બંધવબેલડીમાં શ્રી આર્યમહાગિરિ** અને **શ્રી આર્યસુહસ્તિસૂરિ**નાં રસ-ભરપૂર કથાનકો છે.

સુંદર ત્રિરંગી જેકેટ, પાકું બાઇંડીંગ, ક્રાઉન સોળ પેજી સાઇઝના પૃષ્ઠ આશરે સાડા ત્રણસો છતાં મૂલ્ય માત્ર રૂપિયા **સાડા ત્રણ.**

તમારી નકલ માટે આજે જ લખી નાખો:—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


મહર્ષિ શ્રી હરિભદ્રસૂરિજીકૃત

## યોગદૃષ્ટિસમુચ્ચય

ક્રાઉન આઠ પેજી સાઈઝ, સાડા આઠસો પૃષ્ઠ, સુંદર જેકેટ અને આકર્ષક બાઈંડીંગ, છતાં મૂલ્ય માત્ર રૂપિયા છ.

વિવેચનકાર-ડોકટર ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S.

ઉપરોક્ત લેખકની સરલ, સુંદર અને સુવાસિત લેખિનીથી "પ્રકાશ"નો વાચક અજાણ્યો નથી. પડતર કિંમત તો વિશેષ થવા છતાં માત્ર પ્રચારાર્થે અને વિશેષ સંખ્યામાં લાભ લઈ શકે તે માટે અલ્પ મૂલ્ય રાખેલ છે. યોગ તથા અધ્યાત્મના પ્રેમીએ ખાસ વસાવવા જેવો ગ્રંથ છે.

લખોઃ—શ્રી જૈનધર્મ પ્રસારક સભા- ભાવનગર.

## શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા.

[ નવી આવૃત્તિ-અર્થ સાથે. ]

સભા તરફથી ઉપરોક્ત પૂજા બહાર પડેલ, તે ઘણા સમયથી શીલકમાં ન હોવાથી તેની આ સુધારેલી નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. પૂજાનો અર્થ સ્વ. શ્રી કુંવરજીભાઇનો લખેલ હોવાથી સમજવામાં ઘણી જ સરલતા રહે છે.

કિંમત પાંચ આના. પોસ્ટેજ અલગ. લખો.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

## શ્રી પર્વતિથિ સ્તવનાદિ સમુચ્ચય

દરેક પર્વ તિથિઓના, વીશ સ્થાનક, નવપદ, ચોવીશે તીર્થંકરો, પર્યુષણ તથા મહત્ત્વના ચૈત્યવંદન, સ્તવન તથા સજ્ઝાય વિગેરેનો અનુપમ સંગ્રહ. પાકું કપડાનું બાઈંડીંગ અને પાંચશેં લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ અલગ.

લખોઃ—શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.

## પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય

લેખક: શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા, M. A.

શ્રી હીરાલાલભાઇના તલસ્પર્શી સંશોધન અને વિવેચનથી આજે કોણ અજાણ છે. તેમના "આગમોનું દિગ્દર્શન" પુસ્તક જેવું જ આ પણ સંશોધનપૂર્ણ અને વિદ્વાનોને રુચિકર થઇ પડે તેવું આ પુસ્તક છે. પ્રાકૃત ભાષાને લગતી વિશદ વિવેચના બે ખંડમાં કરવામાં આવી છે. છેવટે પૂરવણી -અને કેટલીક સૂચના પણ આપેલ છે. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૨૭૫, પાકું બાઈંડીંગ મૂલ્ય રૂપિયા છ. પોસ્ટેજ જુદું.


For Private And Personal Use Only